RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 263 Dt. 18-04-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### લોકસભામાં ૨૯૮ વિરુદ્ધ ૨૩૦ મતો સાથે પસાર થવામાં નિષ્ફળ

# મહિલા અનામત બીલ ''નાપાસ''

## મહિલા અનામત કાયદામાં સુધારા પર વિચાર કરવા માટે તા.૧૮ સુધીમાં સંસદની ત્રણ દિવસીય ખાસ બેઠક



નવી દિલ્હી, તા.૧૭

લોકસભાએ શુક્રવારે એક બિલને નકારી કાઢ્યું જેમાં મહિલા અનામતના અમલીકરણને ઝડપી બનાવવા અને નવી વસ્તી ગણતરી કર્યા વિના સીમાંકન હાથ ધરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. મતોના વિભાજન પછી આ પ્રસ્તાવનો પરાજય થયો હતો જેમાં ૨૯૮ સભ્યોએ તરફેણમાં અને ૨૩૦ સભ્યોએ તેની વિરુદ્ધ મતદાન કર્યું હતું. આ બિલ પસાર થવા માટે શાસક રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (એનડીએ) ને ૩૨૬ મતોની જરૂર હતી. કુલ ૪૮૯ સાંસદોએ મતદાનમાં ભાગ લીધો હતો. આ બિલનો હેતુ સીમાંકન માટે નવી વસ્તી ગણતરીની જરૂરિયાતને બાયપાસ કરવાનો હતો, જે જોગવાઈ વિધાનસભાઓમાં મહિલા અનામતના અમલીકરણ માટે કેન્દ્રિય રહી છે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ લોકસભામાંથી બિલ પાછું ખેંચી લીધા બાદ લોકસભા આવતીકાલે સવારે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. નારી શક્તિ વંદન અધિનિયમ અથવા મહિલા અનામત કાયદામાં સુધારા પર વિચાર કરવા માટે ૧૬ થી ૧૮ એપ્રિલ સુધી સંસદની ત્રણ દિવસીય ખાસ બેઠક યોજવામાં આવી હતી. આ કાયદામાં લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની જોગવાઈ હતી.

પ્રસ્તાવિત સુધારાઓનો ઉદ્દેશ્ય ૨૦૨૯ સુધીમાં ક્વોટાના અમલીકરણને સક્ષમ બનાવવાનો હતો. આગામી સામાન્ય ચૂંટણીઓ પહેલાં અનામત માળખાને કાર્યરત કરવા માટે તેઓએ લોકસભાની સંખ્યા વર્તમાન ૫૪૩ થી ૮૫૦ સુધી વધારવાનો પણ પ્રયાસ હતો. આ યોજનાના ભાગ રૂપે, છેલ્લી પ્રકાશિત વસ્તી ગણતરીના આધારે સીમાંકન હાથ ધરવામાં આવશે, જેના પર વિપક્ષ તરફથી વાંધો ઉઠાવવામાં આવ્યો છે. ઘણા વિપક્ષી પક્ષોએ સંસદમાં સુધારાઓનો વિરોધ કર્યો છે અને કેન્દ્રને તે પાછા ખેંચવાની માંગ કરી છે.

મહિલા અનામત અને સીમાંકન બિલને લોકસભામાં બે તૃતીયાંશ બહુમતી મેળવવામાં નિષ્ફળતા મળી છે જેમાં ૨૭૮ સભ્યોએ પક્ષમાં અને ૨૧૧ સભ્યોએ બિલની વિરુદ્ધ મતદાન કર્યું હતું. લોકસભામાં ખાસ સત્રના બીજા દિવસે વધુ એક દિવસ ભારે હોબાળો જોવા મળ્યો, જેમાં મહિલા અનામત અને સીમાંકન બિલ લોકસભામાં બે તૃતીયાંશ બહુમતી મેળવવામાં નિષ્ફળ ગયા છે. ૨૯૮ સભ્યોએ બિલના પક્ષમાં મતદાન કર્યું, જ્યારે ૨૩૦ સભ્યોએ તેની વિરુદ્ધ મતદાન કર્યું. કોઈ પણ સભ્ય મતદાનથી દૂર રહ્યો ન હતો.

ઉલ્લેખનીય છે કે, ગઉઅ પાસે જરૂરી બે તૃતીયાંશ બહુમતી સાથે મહિલા અનામત બિલ પસાર કરવા માટે સંસદમાં સંખ્યાબંધ સભ્યોનો અભાવ છે. ગઉઅ પાસે હાલમાં ૨૯૩ લોકસભા સભ્યોનું સમર્થન છે, જે ગૃહના ૫૪% હિસ્સો ધરાવે છે, જ્યારે વિપક્ષ પાસે ૨૩૩ સાંસદો છે. નિયમો અનુસાર, બંધારણ સુધારા બિલ સહિત બિલોને સમર્થન આપવા માટે ૩૬૦ સાંસદોની જરૂર છે, જે હાજર અને મતદાન કરનારા બે તૃતીયાંશ સાંસદો છે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્રએ ગુરુવારે લોકસભામાં મહિલા અનામત કાયદામાં સુધારો કરવા અને સીમાંકન પંચની સ્થાપના માટે ત્રણ બિલ રજૂ કર્યા હતા, જેનો વિરોધ સંયુક્ત વિપક્ષે કર્યો છે, અને તેમને ''ભારતીય સંઘીય માળખા પર હુમલો'' ગણાવ્યો છે.

લોકસભાની ચર્ચામાં આજે બોલતા, વિરોધી પક્ષ રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું, પ્રસ્તાવિત બિલોને દેશના ચૂંટણી નકશાને બદલવા માટે ''ગભરાટની પ્રતિક્રિયા'' ગણાવી અને ''જાદુગર પકડાઈ ગયો છે'' કહ્યું હતું. એક દિવસ પહેલા મોદીએ લોકસભામાં કહ્યું હતું કે મતવિસ્તારોના સીમાંકનમાં કોઈપણ રાજ્ય સાથે ભેદભાવ કરવામાં આવશે નહીં, જ્યારે વિપક્ષે દાવો કર્યો હતો કે જો બંધારણ સુધારો બિલ પસાર થશે તો ભારતમાં લોકશાહી ખતમ થઈ જશે. મોદીએ વિપક્ષને ચેતવણી પણ આપી હતી કે તેઓને ત્રણ બિલનો વિરોધ કરવા માટે લાંબા સમય સુધી કિંમત ચૂકવવી પડશે.

### સીમાંકન એ 'ચૂંટણીલક્ષી' મુદ્દો છે; ભાજપ પોતાના એજન્ડાને આગળ વધારવા માંગતું હોવાનો આરોપ

# મહિલાનો ઉપયોગ માનવ ઢાલ સમાન : કનિમોઝી

નવી દિલ્હી,તા.૧૭

ગુરુવારે મહિલા ક્વોટા બિલને સીમાંકન સાથે જોડીને તેને ''અયોગ્ય'' ગણાવ્યો અને ભાજપ પર મહિલાઓનો ''માનવ ઢાલ'' તરીકે ઉપયોગ કરવાનો આરોપ DMK સાંસદ કનિમોઝી કરુણાનિધિએ લગાવ્યો હતો. લોકસભાની ચર્ચામાં વિરોધમાં કાળી સાડીમાં કનિમોઝીએ ચેતવણી આપી હતી કે સીમાંકન કવાયત દક્ષિણ રાજ્યોની સામૂહિક સોદાબાજી શક્તિને ઘટાડશે અને તેઓ ઉચ્ચ સાક્ષરતા સ્તર ધરાવતી તમિલનાડુમાં મહિલાઓ તેમના અધિકારોને ''હાઈજેક'' થવા દેશે નહીં.

મહિલા અનામત અધિનિયમ, ૨૦૨૩ ને સૂચિત કરવાના સરકારના પગલાના સમય પર પણ પ્રશ્ન ઉઠાવ્યો, અને પૂછ્યું કે જો કાયદો પહેલાથી જ અમલમાં આવી ગયો હોય તો ચર્ચાનો શું હેતુ હતો અને તેને ''સંઘીય માળખા પર સૌથી મોટો હુમલો'' ડીએમકે સાંસદે ગણાવ્યો હતો.

''હું ફક્ત દ્રવિડ મુનેત્ર કઝગમના પ્રતિનિધિ તરીકે જ નહીં, પણ આઠ કરોડ લોકોની પણ પ્રતિનિધિ છું જેમને ચૂંટણી દરમિયાન કહેવામાં આવ્યું છે કે તેમના મત ઓછા ગણાશે અને આ સંસદમાં તેમનો અવાજ ઓછો થશે... અમે અહીં બિલની ચર્ચા કરી રહ્યા છીએ, તો ગઈકાલે તેને સૂચિત કરવાની શું જરૂર હતી? આ ગૃહ માટે તમારો આદર છે? આ ત્રણ બિલ મહિલાઓ માટે અનામતના સમર્થન સાથે સંઘીય માળખા પર સૌથી મોટો હુમલો છે.

કનિમોઝીએ મહિલા અનામત કાયદામાં સુધારા પર તેમના પક્ષના વિરોધ પર 'કાલા ટીકા' માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર વળતો પ્રહાર કર્યો, અને કહ્યું કે કાળો રંગ દેવી કાલીનો રંગ છે અને તમિલનાડુનો શાસક પક્ષ અંત સુધી આ મુદ્દા પર વિરોધ કરશે. ડીએમકે નેતાએ કહ્યું કે તેમને ''આશ્ચર્ય છે કે હિન્દુત્વનો બચાવ કરવા માટે હાજર રહેલા લોકોને કાળી દેવી, જે કાળી વસ્ત્રો પહેરે છે, તેની યાદ આવતી નથી. કાળો રંગ ડીએમકેના બૌદ્ધિક નેતા પેરિયારનો પણ છે, જેમણે તેમને અંત સુધી લડવાનું શીખવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, સંસદમાં રજૂ કરાયેલા કાયદાઓના વિરોધમાં ડીએમકે સાંસદોએ બીજા દિવસે પણ કાળા વસ્ત્રો પહેર્યા હતા.

વસ્તી આધારિત સીમાંકનને દક્ષિણ રાજ્યો માટે અન્યાય ગણાવતા, કનિમોઝીએ નોંધ્યું કે તમિલનાડુનો પ્રજનન દર ઘટીને ૧.૬ થઈ ગયો છે, અને રાજ્યએ તેનું વસ્તી વિષયક સંક્રમણ પૂર્ણ કર્યું છે. સીમાંકન તેના મૂળમાં દક્ષિણના રાજ્યો માટે એક વચન છે. પાંચ રાજ્યો જેમણે ભાજપના આક્રમણનો પ્રતિકાર કર્યો છે અને વિકાસ માટે મોડેલ તરીકે ઉભા થયા છે. અમે વસ્તી નિયંત્રણ માટે સરકારના આહ્વાનને સાંભળ્યું. અમે તેનું પાલન કર્યું, અને અમારા પ્રજનન દરમાં ઘટાડો થયો. ૨૦૦૧ માં, એક સરકાર હતી જેણે દક્ષિણના અવાજો સાંભળ્યા. આ અન્યાયને સંબોધિત કરવાની જરૂર છે. હવે આપણે બેઠકો શા માટે વધારીને ૮૫૦ કરવી જોઈએ?.

# 'પ્રધાનમંત્રી અને મારો પત્ની અંગે કોઈ મુદ્દો નથી' : રાહુલ

### મહિલા અનામત બિલ પર ચર્ચા દરમિયાન લોકસભામાં રાહુલ ગાંધીની હળવાશભરી ટિપ્પણી

નવી દિલ્હી, તા.૧૭

મહિલા અનામત બિલ પર લોકસભામાં ચર્ચા દરમિયાન, રાહુલ ગાંધીએ પોતાના અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના કુંવારાપણાને ટાંકીને રમૂજી ટિપ્પણી કરી હતી. તેમણે આ બિલની ટીકા મહિલાઓને સશક્ત બનાવવાને બદલે ભારતના ચૂંટણી નકશાને ફરીથી દોરવાનો પ્રયાસ ગણાવી છે. અને મતદાન પહેલાં, મોદીએ વિપક્ષી સાંસદોને નારી શક્તિ વંદન અધિનિયમને સમર્થન આપવા વિનંતી કરી હતી.

શુક્રવારે લોકસભામાં મહિલા અનામત અને સીમાંકન પર તીવ્ર ચર્ચા દરમિયાન એક હળવી ક્ષણ બની હતી, જ્યારે વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ પોતાના અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના કુંવારાપણાનો ઉલ્લેખ કર્યો હતો.

તેમણે કહ્યું કે, ''આપણે બધા, આ રૂમમાં હાજર દરેક વ્યક્તિ, આપણા જીવનમાં રહેલી મહિલાઓ, માતાઓ, બહેનો અને પત્નીઓ પાસેથી પ્રભાવિત થયા છીએ, અને ઘણું શીખ્યા છીએ. જેમ રિજિજુજીએ કહ્યું હતું, અલબત્ત, વડા પ્રધાન અને મારી પત્ની નથી, તેથી આપણને તે ઈનપુટ મળતો નથી. પરંતુ આપણી પાસે આપણી માતાઓ અને બહેનો છે. ગઈકાલે, હું બેઠો હતો અને મારી બહેનને પાંચ મિનિટમાં એવું કંઈક હાંસલ કરતા જોઈ રહ્યો હતો જે હું મારી રાજકીય કારકિર્દીના લગભગ ૨૦ વર્ષમાં કરી શક્યો નથી.



મહિલા અનામત બિલની વિરુદ્ધ બોલતા, રાહુલ ગાંધીએ સરકારના આ દાવાને ફગાવી દીધો કે તે મહિલાઓને સશક્ત બનાવશે. તેમણે કહ્યું કે, આનો મહિલાઓના સશક્તિકરણ સાથે કોઈ સંબંધ નથી. આ ભારતનો ચૂંટણી નકશો બદલવાનો પ્રયાસ છે. ખરેખર, તે શરમજનક કૃત્ય છે.

લોકસભામાં મહિલા અનામત બિલ પર ચર્ચા ગઈકાલે શરૂ થઈ હતી, અને તેને મંજૂરી આપવા માટે આજે સાંજે ૪ વાગ્યે મતદાન થવાનું છે. મતદાનના કલાકો પહેલા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષી સાંસદોને તેમના મતભેદોને ભૂલીને નારી શક્તિ વંદન અધિનિયમને સમર્થન આપવા વિનંતી કરી છે, જે એક સીમાચિહ્નરૂપ બંધારણીય સુધારો છે જે સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવાનો પ્રયાસ છે.

# જો + તો + પરંતુ = મહિલા અનામતનો વિરોધ : અમિત શાહ

## તમામ ભારતીય ગઠબંધન સભ્યોએ આ ત્રણેય શબ્દનો ઉપયોગ કરીને મહિલા અનામતનો વિરોધ કર્યો હોવાનો શાહનો દાવો



નવી દિલ્હી, તા.૧૭

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે સરકાર દ્વારા લાવવામાં આવેલા ત્રણ બિલો પર વિપક્ષી પક્ષોના વલણ પર ટીકા કરી અને આરોપ લગાવ્યો કે ""INDI એલાયન્સના તમામ સભ્યોએ, જો, પરંતુ, ...નો ઉપયોગ કરીને, ૨૦૨૯ ની સામાન્ય ચૂંટણીઓથી મહિલા અનામત લાગુ કરવા માટે સરકાર દ્વારા લાવવામાં આવેલા બિલોનો વિરોધ કર્યો હતો''.લોકસભામાં ત્રણ બિલ પર મેરેથોન ચર્ચાનો જવાબ આપતા અમિત શાહે કહ્યું કે જે લોકો સીમાંકનનો વિરોધ કરી રહ્યા છે તેઓ ખરેખર SC/ST બેઠકોમાં વધારાનો વિરોધ કરી રહ્યા છે.''મહિલા અનામત સામે કોઈએ વાંધો ઉઠાવ્યો નથી. પરંતુ, જો આપણે નજીકથી જોઈએ તો, INDI ગઠબંધનના તમામ સભ્યોએ 'જો અને પરંતુ' નો ઉપયોગ કરીને તેનો વિરોધ કર્યો છે,'' તેમણે કહ્યું.અમિત શાહે કહ્યું કે સરકારે ત્રણ બિલ લાવ્યા છે જેથી ૨૦૨૯ની લોકસભા ચૂંટણીથી મહિલા અનામત કાયદો લાગુ થાય અને એક વ્યક્તિ, એક મત, એક મૂલ્યના સિદ્ધાંતનું પાલન થાય.''આ ત્રણ બિલનો હેતુ...પ્રથમ, મહિલાઓને સશક્તિકરણ કરવાના હેતુથી કરવામાં આવેલ બંધારણીય સુધારાને સમયમર્યાદામાં અમલમાં મૂકવો જોઈએ જેથી ૨૦૨૯ ની ચૂંટણીઓ મહિલા અનામત સાથે યોજાઈ શકે; બીજું, એક વ્યક્તિ - એક મત - એક મૂલ્ય... આ સિદ્ધાંત, જે આપણા બંધારણના મૂળમાં છે અને બંધારણ સભા દ્વારા નક્કી કરવામાં આવ્યો હતો, તે બંધારણની ભાવનામાં અમલમાં મૂકવો જોઈએ,'' તેમણે કહ્યું. શુક્રવારે લોકસભામાં બંધારણ (એકસો એકત્રીસમો સુધારો) બિલ, ૨૦૨૬, કેન્દ્રશાસિત પ્રદેશો કાયદા (સુધારા) બિલ, ૨૦૨૬ અને સીમાંકન બિલ , ૨૦૨૬ પર ચર્ચા ફરી શરૂ થઈ.ગઈકાલે બપોરે ચર્ચા શરૂ થઈ હતી અને મોડી રાત સુધી ૧.૨૫ વાગ્યા સુધી ચાલુ રહી.ગૃહમંત્રીએ ગઈકાલે મહિલા અનામત કાયદાના અમલીકરણ માટે લોકસભામાં બેઠકોમાં વધારાને કારણે દક્ષિણ રાજ્યો પોતાનો પ્રભાવ ગુમાવી રહ્યા હોવાની વિપક્ષી સભ્યોની આશંકા દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો અને કહ્યું હતું કે જ્યારે તેમની બેઠકોમાં લગભગ ૫૦ ટકાનો વધારો થશે, ત્યારે કુલ બેઠકોમાં સંબંધિત પ્રમાણ પણ વધશે.''સૌથી મોટી વાર્તા એ છે કે આ ત્રણ બિલ, બંધારણ સુધારો બિલ, સીમાંકન બિલ અને મતવિસ્તાર ચૂંટણી કાયદામાં ફેરફાર, દક્ષિણની શક્તિને નુકસાન પહોંચાડશે,'' તેમણે કહ્યું હતું.''જો આપણે દક્ષિણ માટે બનાવેલી આખી વાર્તા સાંભળીએ, તો તમારા દ્વારા બનાવેલી ૫૪૩ બેઠકોમાંથી, હાલમાં આ ગૃહમાં ૧૨૯ સાંસદો બેસે છે, જે લગભગ ૨૩.૭૬% થાય છે. નવા ગૃહમાં, ૧૯૫ સાંસદો અહીં બેસશે, અને તેમની શક્તિ ૨૩.૯૭% હશે,'' તેમણે ઉમેર્યું.શાહે કહ્યું કે કર્ણાટકમાં ૨૮ બેઠકો છે, અને ગૃહની ૫૪૩ બેઠકોમાંથી ૫.૧૫ ટકા છે અને બિલ પસાર થયા પછી, કર્ણાટકના સાંસદોની સંખ્યા ૨૮ થી વધીને ૪૨ થશે, અને લોકસભામાં ટકાવારી ૫.૪૪ થશે.''કર્ણાટકને બિલકુલ નુકસાન થશે નહીં. આંધ્રપ્રદેશમાં ૨૫ બેઠકો છે, જે ૪.૬૦ ટકા છે. બિલ પસાર થયા પછી, સાંસદોની સંખ્યા ૨૫ થી વધીને ૩૮ થશે. જે ૪.૬૫ ટકા થશે,'' તેમણે કહ્યું.શાહે કહ્યું કે તેલંગાણામાં ૧૭ બેઠકો છે, જે ૩.૧૩ ટકા છે અને બિલ પસાર થયા પછી, સાંસદોની સંખ્યા ૧૭ થી વધીને ૨૬ થશે, જે ૩.૧૮ ટકા થશે.''તમિલનાડુમાં ૪૯ બેઠકો છે, જે ૭.૧૮ ટકા છે. બિલ પસાર થયા પછી, સાંસદોની સંખ્યા ૫૯ થશે, અને ૮૧૬ ના નવા ગૃહમાં તેમની ટકાવારી ૭.૨૩ ટકા થશે. તમિલનાડુને પણ કોઈ નુકસાન થશે નહીં. કેરળમમાં ૨૦ બેઠકો છે, જે ૩.૬૮ ટકા છે. બિલ પસાર થયા પછી, સાંસદોની સંખ્યા ૩૦ થશે, અને નવા ગૃહમાં તેમની ટકાવારી ૩.૬૭ ટકા થશે,'' તેમણે ઉમેર્યું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અગાઉ ૨૦૨૯ ની ચૂંટણીથી મહિલા અનામત કાયદાને લાગુ કરવા માટે મતવિસ્તારોના સીમાંકન અને લોકસભાની સંખ્યાના ''પ્રમાણસર વધારા'' અંગે વિપક્ષી પક્ષોની આશંકા દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. લોકસભામાં મહિલા અનામત કાયદાના વહેલા અમલીકરણ માટે બંધારણ સુધારા બિલ પરની ચર્ચામાં ભાગ લેતા, પીએમ મોદીએ કહ્યું કે જો વિપક્ષ ઇચ્છે તો તેઓ તેમની ટિપ્પણી અંગે ગેરંટી અથવા વચન આપી શકે છે, કારણ કે સરકારનો ઈરાદો સ્પષ્ટ છે.''હું આજે આ ગૃહમાંથી ખૂબ જ જવાબદારીની ભાવના સાથે કહેવા માંગુ છું કે પછી ભલે તે દક્ષિણ હોય, ઉત્તર હોય, પૂર્વ હોય, પશ્ચિમ હોય, નાના રાજ્યો હોય કે મોટા રાજ્યો... આ નિર્ણય લેવાની પ્રક્રિયા કોઈની સાથે ભેદભાવ કરશે નહીં કે અન્યાય કરશે નહીં. ભૂતકાળની સરકાર જે સત્તામાં હતી, જેના સમયમાં સીમાંકન થયું હતું, તેમાં પણ તે પ્રમાણમાં કોઈ ફેરફાર થશે નહીં, અને વધારો પણ તે જ પ્રમાણમાં થશે,'' તેમણે કહ્યું.''જો તમને ગેરંટીની જરૂર હોય, તો હું તમને ગેરંટી આપું છું; જો તમને વચનની જરૂર હોય, તો હું વચન આપું છું... કારણ કે જો ઈરાદો સ્પષ્ટ હોય, તો શબ્દો સાથે રમત રમવાની કોઈ જરૂર નથી,'' તેમણે ઉમેર્યું.

# વણજોયું મુહૂર્તનું પર્વ અક્ષય તૃતીયાઃ

## આવતીકાલે સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ભગવાન પરશુરામજીના જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરાશે



રાજકોટ, તા.૧૭

આવતીકાલ રવિવાર તા.૧૯ એપ્રિલના રોજ વણજોયા મુહુર્તનો દિવસ અખાત્રીજ છે. અખાત્રીજ અક્ષય તૃતિયા તરીકે પણ પ્રચલિત છે. આ દિવસ સમસ્ત બ્રાહ્મણ જ્ઞાતિના અધિષ્ઠાતા દેવ ભગવાન પરશુરામજીનો જન્મોત્સવ પણ છે. ભગવાન શ્રી હરી વિષ્ણુના છટ્ઠા અવતાર ઋષિ જમદગ્નિના પાંચમા પુત્ર અને જેણે એકવીસ વખત પૃથ્વીને ક્ષત્રિય વિહોણી કરી છે તેવા ભગવાન પરશુરામ સાત ચિરંજીવીઓમાં એક છે. રવિવાર તા. ૧૯મીએ સવાર ના ૧૦.૪૮ કલાક સુધી બીજ તિથિ છે ત્યારબાદ આખો દિવસ રાત્રી ત્રીજ તિથિ છે. તે ઉપરાંત સોમવાર તા.૨૦મીએ સવાર ના ૭.૨૭ કલાક સુધી ત્રીજ તિથિ છે. જ્યોતિષ તથા પંચાંગના નિયમ પ્રમાણે સૂર્યોદયથી છ ઘડી સુધી તહેવારની તિથિ હોવી જોઈએ. તે સોમવારે નથી તે ઉપરાંત સોમવારે ચોથ તિથિનો ક્ષય છે. તેથી આ પ્રમાણે પણ રવિવારના દિવસે અખાત્રીજ મનાવાશે. જ્યારે સોમવારે ગણેશ ચોથ છે.

વર્ષમાં ચાર વણજોયા મુહૂર્તના શ્રેષ્ઠ દિવસો ગણવામાં આવે છે. જે બેસતુ વર્ષ, ચૈત્ર સુદ એકમ, અખાત્રીજ અને દશેરા છે. આમ અખાત્રીજનો દિવસ વણજોયા મુહૂર્તનો હોવાથી આ દિવસે કરેલા કોઈપણ શુભકાર્યનું ફળ અખંડ રહે છે. આ દિવસે જપ, તપ, દાન કરવાથી તેના પુણ્યનો નાશ થતો નથી. અને જીવનમાં શાંતિ મળે છે.

આ દિવસે નવા વાહનની ખરીદી, સોના ચાંદીના દાગીનાની ખરીદી, પુજાનો સામાન,જીવન જરૂરી ચીજવસ્તુની ખરીદી કરવી. જમીન-મકાન વાહન ખરીદવા ઉત્તમ ફળદાયક છે. વાસ્તુ, નવચંડી હવન, લગ્ન, સગાઈ, ખાતમુહુર્ત નવી દુકાનનું મુહૂર્ત કરવું. નવા વ્યાપારની શરૂઆત કરવા જેવા દરેક શુભ કાર્યો માટે આ દિવસે કોઈપણ ગ્રહબળ તથા ચંદ્રબળ જોવાની જરૂર રહેતી નથી.

અખાત્રીજના દિવસે પાણી ભરેલ ઘડાનું દાન દેવું. તથા ગાયોને ઘાસ નાખવું ઉત્તમ ફળ આપે છે. અખાત્રીજના દિવસે કરેલ જપ, દાનનું ફળ આજીવન મળે છે. તથા આ દિવસે શ્રી યંત્ર ઉપર સાકરવાળા દૂધથી ૐ મહાલક્ષ્મી નમઃ અથવા તો શ્રી સૂક્તના પાઠ બોલતા બોલતા અભિષેક કરવાથી સ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. અખાત્રીજના દિવસે ભગવાન પરશુરામજીનું પ્રાગટ્ય થયું હતું. આથી ભગવાન પરશુરામની પૂજા કરવી. ભગવાન પરશુરામ વિષ્ણુ ભગવાનના જ અવતાર છે અને સપ્ત ચિરંજીવીમાંથી એક છે. આ દિવસે ત્રેતાયુગનો પ્રારંભ થયો હતો. અખાત્રીજના દિવસથી ચારધામની યાત્રાનો પ્રારંભ થશે. અખાત્રીજનો આખો દિવસ દરેક શુભ કાર્ય માટે સારો છે. અખાત્રીજના દિવસે ભગવાન વિષ્ણુનું જળથી પૂજન કરવું શાલીગ્રામ ઉપર ચોખ્ખું જળ ચડાવીને પૂજન કરવું. તથા ભગવાન સત્ય નારાયણની કથા કરવાં કે કરાવવાથી જીવનમાં શાંતિ મળશે. આ દિવસે ગાયોને ઘાસચારો નાખવો પણ ઉત્તમ પુણ્યકારક ગણાય છે.

અખાત્રીજના દિવસના શુભ ચોઘડિયાં માં ચલ (સવારે ૮.૦૦ થી ૯.૩૬) લાભ (સવારે ૯.૩૬.થી ૧૧.૧૧) અમૃત (બપોરે ૧૧.૧૧ થી ૧૨.૪૬), શુભ (બપોરે ૨.૨૧ થી ૩.૫૭, અભિજીત મુહૂર્ત.(બપોરે ૧૨.૨૧ થી ૧.૧૨) રાત્રિના શુભ ચોઘડિયાંમાં શુભ (સાંજે ૦૭.૦૭ થી ૮.૩૨) અમૃત (૮.૩૨ થી ૯.૫૬) ચલ (રાત્રે ૯.૫૬ થી ૧૧.૨૧) તેમજ પ્રદોષ કાળ (સાંજે ૭.૦૭ થી. ૯.૨૦) છે.




### ઓનલાઇન ફોર્મ ભરવાની તારીખ લંબાવાઈ: ૨૩ એપ્રિલ સુધી ભરી શકાશે ફોર્મ

# RTE પ્રવેશથી વંચિત બાળકો માટે વધુ એક તક

ગાંધીનગર, તા.૧૭

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે રાઈટ ટુ એજ્યુકેશન (RTE) હેઠળ ખાનગી શાળાઓમાં ૨૫% અનામત બેઠકો પર પ્રવેશ મેળવવા ઈચ્છતા વાલીઓ માટે રાહતના સમાચાર આવ્યા છે. સરકાર દ્વારા ઓનલાઇન ફોર્મ ભરવાની અંતિમ તારીખ લંબાવવાની જાહેરાત કરવામાં આવી છે.

અગાઉના સમયપત્રક મુજબ, RTE હેઠળ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૭ એપ્રિલ ૨૦૨૬ હતી. જોકે, ઘણા વાલીઓ હજુ પણ દસ્તાવેજો એકઠા કરવામાં અથવા ટેકનિકલ કારણોસર ફોર્મ ભરી શક્યા ન હોવાથી, સરકાર દ્વારા આ મુદત લંબાવીને હવે ૨૩ એપ્રિલ ૨૦૨૬, ગુરુવાર સુધી કરવામાં આવી છે.

ઘણા વાલીઓને આવકના દાખલા કે અન્ય જરૂરી પુરાવા મેળવવામાં સમય લાગતો હોવાથી રજૂઆતો કરવામાં આવી હતી. મુદત વધારવા પાછળનો મુખ્ય હેતુ એ છે કે કોઈ પણ જરૂરિયાતમંદ બાળક શિક્ષણના અધિકારથી વંચિત ન રહી જાય. છેલ્લી ઘડીએ ફોર્મ ભરનારાઓની સંખ્યા વધુ હોવાને કારણે સર્વર પર ભાર વધતો હોય છે, જે આ વધારાના સમયથી જે વાલીઓએ હજુ સુધી ફોર્મ નથી ભર્યા, તેઓએ હવે મોડું કર્યા વગર rte.orpgujarat.com પર જઈને ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવી લેવું જોઈએ. ફોર્મ ભરતી વખતે તમામ દસ્તાવેજો (જેમ કે આધાર કાર્ડ, જન્મનું પ્રમાણપત્ર, આવકનો દાખલો) સ્પષ્ટ રીતે સ્કેન કરીને અપલોડ કરવા જરૂરી છે જેથી ફોર્મ રિજેક્ટ ન થાય.

### લાંચના ૯.૫૦ લાખ પેટે ૨.૫૦ લાખ સ્વીકાર્યા ને ACBએ ઝાલી લીધા

# નાયબ મામલતદાર સહિત બે ૨.૫૦ લાખની લાંચ લેતા ઝડપાયા

## મકાનના પ્રોપર્ટી કાર્ડમાં કોઈ ક્ષતિ ન કાઢવા માંગી'તી લાંચ, પકડાયેલાઓમાં નિવૃત પટ્ટાવાળાનો સમાવેશ





રાજકોટ, તા.૧૭

ગાંધીનગરમાં જાગૃત નાગરિક પાસેથી ૨.૫૦ લાખની લાંચ સ્વીકારનાર કલેકટર કચેરીના નાયબ મામલતદાર બિપીનચંદ્ર ખેમચંદભાઈ પરમાર અને નિવૃત પટ્ટાવાળા દિનેશ બુધાલાલ વાળંદને ગાંધીનગર-અમદાવાદ એસીબીએ ઝડપી લેતા વહીવટી સરકારી કચેરીઓમાં ભયની લાગણી સાથે ચકચાર જાગી છે.

પ્રાપ્ત વિગતો મુજબ એક જાગૃત નાગરિકે મકાનનું પ્રોપર્ટી કાર્ડ બનાવવા માટે કલેકટર કચેરીની જમીન ફાળવણી કચેરીમાં અરજી કરી હતી. ત્યારે નાયબ મામલતદાર બિપીનચંદ્ર ખેમચંદભાઈ પરમારના કહેવાથી નિવૃત પટ્ટાવાળા દિનેશ બુધાલાલ વાળંદએ ૯.૫૦ લાખની લાંચ માંગી હતી અને આ રકમ પેટે ૪.૫૦ લાખ પહેલા આપવા માંગ કરી હતી.

જો કે જાગૃત નાગરિક આવી લાંચ આપવા ઈચ્છતા ન હોય અને લાંચિયા અધિકારીઓને પકડાવી દેવાના આશય સાથે એસીબીનો સંપર્ક સાધીને પોતાની પાસે મંગાયેલી લાંચની વિગતો આપી હતી.

દરમિયાન ગાંધીનગર એ.સી.બી. એકમના મદદનીશ નિયામક એ.કે.પરમારે સુપરવિઝન અધિકારીની ભૂમિકા અદા કરીને અમદાવાદ એસીબીના નાયબ નિયામક હરેશ મેવાડાને સાથે રાખીને ગાંધીનગર કોર્ટના પાર્કીગ પાસે, રોડ ઉપર ફરીયાદીની ગાડીમાં લાંચનું છટકું ગોઠવ્યું હતું.

આવા સમયે નાયબ મામલતદાર અને નિવૃત પટ્ટાવાળો લાંચની રકમ લેવા નિયત સ્થળે આવ્યા હતા અને હેતુલક્ષી વાતચીત કરીને ૨.૫૦ લાખ સ્વીકાર્યા ત્યારે જ ગાંધીનગર એસીબીના પીઆઈ કે.કે.દેસાઈ એ ટ્રેપીંગ ઓફીસરનો રોલ ભજવી બંનેને રંગે હાથે ઝડપી પાડતા કલેકટર કચેરીમાં સોંપો પડી ગયો હતો. આવા સમયે બંને લાજવાને બદલે ગાજ્યા હોવાથી એસીબીએ બંને સામે ગુનાહીત ગેરવર્તણુક કરવાની કલમ અન્વયે ગુનો નોંધાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### હાલ જાગૃતિ શ્રમજીવી સોસાયટીમાં માવતરે રહેતી અસ્માબેનની ગાંધીગ્રામ પોલીસમાં પતિ વારીસ માલવીયા વિરૂધ્ધ ફરિયાદ

# શિક્ષિકા પત્ની પર શંકા કરી પતિએ સાસરે જઈ દરવાજે આગ ચાંપીઃ ખૂનની ધમકી

રાજકોટ,તા.૧૭

શહેરના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં પત્નીના નોકરી કરવાના સમય અને તેને લઈને ચારિત્ર્ય પર શંકા રાખી પતિએ સાસરીયા પક્ષના ઘરના દરવાજે જ્વલનશીલ પદાર્થ ફેંકી આગ લગાડી હોવાની ફરિયાદ નોંધાઈ છે. પોલીસે શિક્ષિકા પત્નીની ફરિયાદ પરથી તેના પતિ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદી અસ્માબેન વારીસભાઈ માલવીયા (ઉ.વ. ૩૨) વ્યવસાયે ખાનગી શાળામાં શિક્ષિકા છે, તેમણે જણાવ્યું કે તેમના લગ્ન ગત પાંચ મહિના પહેલા જસદણના વતની અને હાલ રાજકોટમાં કોટક સ્કુલ પાસે ગવલીવાડમાં રહેતા વારીસ રજાકભાઈ માલવીયા સાથે થયા હતા. લગ્ન બાદ થોડા જ સમયમાં પતિ વારીસ પત્નીના નોકરીના સમયને લઈને શંકા-કુશંકા કરી અવારનવાર ઝઘડા કરતો હતો. દરમિયાન ગઈ તારીખ ૧૪ એપ્રિલના રોજ અસ્માબેન જ્યારે ટ્યુશન પતાવીને ઘરે મોડા પહોંચ્યા, ત્યારે વારીસે 'તુ કેમ મોડી આવે છે?' તેમ કહી ગંભીર ઝઘડો કર્યો હતો. બીજા દિવસે બંનેએ પરસ્પર સંમતિથી છૂટાછેડા લેવાનું નક્કી કર્યું હતું,

પરંતુ કોર્ટ જતા રસ્તામાં જામનગર રોડ પાસે ફરી તકરાર થઈ હતી. આ દરમિયાન પતિએ અસ્માબેનનો મોબાઈલ છીનવી લેતા તેઓ ગભરાઈને ડી.સી.બી પોલીસ સ્ટેશન અને ત્યારબાદ પિયર ચાલ્યા ગયા હતા. બાદમાં ગત રાત્રે વારીસે અસ્માબેનના માતાના ફોન પર કોલ કરી ''હું જોઉં છું તું હવે નોકરી કેમ કરે છે'' કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અસ્માબેન જ્યારે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા પહોંચ્યા, ત્યારે જ તેમના બહેન નેહાનો ફોન આવ્યો હતો કે વારીસે ફોર વ્હીલ ગાડીમાં આવી ઘરની ડેલી પાસે કોઈ જ્વલનશીલ પદાર્થ ફેંકી આગ લગાડી દીધી છે. સદનસીબે, આસપાસના લોકોએ તુરંત આગ પર કાબૂ મેળવી લેતા મોટી જાનહાનિ કે નુકસાન ટળ્યું હતું.



પત્ની અસ્માબેને ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ હવે આવા શંકાશીલ પતિ સાથે રહેવા માંગતા નથી, જ્યારે પતિ તેને તલાક આપવા માંગતો નથી અને હેરાન પરેશાન કરી રહ્યો છે. આ મામલે ગાંધીગ્રામ પોલીસે પો.હેડ.કોન્સ. એમ.જી. જાડેજા દ્વારા ગુનો નોંધી આરોપી પતિ વારીસ રજાકભાઈ માલવીયા સામે કાયદેસરની તપાસ શરૂ કરી છે.

### મેડિકલના વિદ્યાર્થીઓ માટે ગૂડ ન્યુઝ

# NEET UGની પ્રેક્ટિસ ફ્રીમાં કરી શકાશે

## Gemini એપમાં જઈને માત્ર "Take a NEET mock test' કહીને પોતાની પરીક્ષા શરૂ કરી શકશે




ગાંધીનગર, તા.૧૭

ટેક જાયન્ટ ગૂગલે મેડિકલના વિદ્યાર્થીઓ માટે એક મોટી જાહેરાત કરી છે. ગૂગલે તેના આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પ્લેટફોર્મ 'Gemini' પર NEET UG માટે ફૂલ-લેન્થ પ્રેક્ટિસ ટેસ્ટ રજૂ કરી છે. આ સુવિધાનો મુખ્ય હેતુ મેડિકલના ઉમેદવારોને પરીક્ષા જેવો જ વાસ્તવિક અનુભવ પૂરો પાડીને તેમની તૈયારીઓને વધુ મજબૂત બનાવવાનો છે. આ નવી સુવિધા ગૂગલના અગાઉના મોક ટેસ્ટ પ્રોગ્રામનો જ એક ભાગ છે, જે વધુ વ્યવસ્થિત અને વાસ્તવિક તૈયારી પૂરી પાડે છે. આ પ્રેક્ટિસ ટેસ્ટમાં સમાવિષ્ટ પ્રશ્નો અને માહિતી વિવિધ પ્રતિષ્ઠિત શિક્ષણ પ્લેટફોર્મ પરથી લેવામાં આવી છે અને નિષ્ણાતો દ્વારા તેની ચકાસણી કરવામાં આવી છે. હાલમાં આ ટેસ્ટ અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે અને ગૂગલ એકાઉન્ટ ધરાવતા કોઈપણ યુઝર તેનો ઉપયોગ કરી શકે છે. વિદ્યાર્થીઓ Gemini એપમાં જઈને માત્ર "Take a NEET mock test' કહીને પોતાની પરીક્ષા શરૂ કરી શકે છે. ટેસ્ટ પૂર્ણ થયા પછી, અઈ પ્લેટફોર્મ તરત જ રિઝલ્ટ આપે છે અને વિદ્યાર્થીની શક્તિ તેમજ કયા વિષયમાં સુધારાની જરૂર છે તેનું વિગતવાર વિશ્લેષણ પણ કરે છે.

વિદ્યાર્થીઓ માત્ર ટેસ્ટ જ નહીં, પણ અઈ પાસે જવાબની સમજૂતી પણ માંગી શકે છે. આટલું જ નહીં, Gemini વિદ્યાર્થીના પરફોર્મન્સના આધારે કસ્ટમાઇઝ્ડ સ્ટડી પ્લાન પણ બનાવી આપે છે, જેથી વિદ્યાર્થીઓ પોતાની નબળાઈઓ જાણી શકે અને વધુ સારો સ્કોર કરી શકે.

ગૂગલે માત્ર વિદ્યાર્થીઓ માટે જ નહીં, પણ શિક્ષકો માટે પણ અઈ ફીચર્સ રજૂ કર્યા છે.શિક્ષકો સરળતાથી એસાઈનમેન્ટ તૈયાર કરી શકશે. વિદ્યાર્થીઓના પ્રદર્શનનો સારાંશ મેળવી શકાશે.ઓડિયો, વીડિયો અને સ્ક્રીન રેકોર્ડિંગ ટૂલ્સ દ્વારા ડિજિટલ ક્લાસરૂમમાં શિક્ષક અને વિદ્યાર્થીઓ વધુ સારી રીતે વાતચીત કરી શકશે.

અગાઉગૂગલે એન્જિનિયરિંગની પરીક્ષા JEE Main માટે પણ આવા જ ફૂલ-લેન્થ પ્રેક્ટિસ ટેસ્ટ શરૂ કર્યા હતા. ગૂગલે સ્પષ્ટતા કરી છે કે તેઓ અઈના જવાબદાર ઉપયોગ અને પારદર્શિતા માટે કટિબદ્ધ છે, જેથી વિદ્યાર્થીઓ સુરક્ષિત ડિજિટલ વાતાવરણમાં અભ્યાસ કરી શકે.

# ભત્રીજાએ મેસેજમાં ગાળ લખતાં કાકાની ઓફિસમાં તોડફોડ

## ઘનશ્યામનગરમાં બનાવઃ શિવરાજસિંહ ગોહિલ સહિતની સામે રણજીતસિંહ ગોહિલની ભક્તિનગર પોલીસમાં ફરિયાદ



રાજકોટ,તા.૧૭

શહેરના કોઠારીયા રોડ પર આવેલા ઘનશ્યામનગરમાં જૂના અદાવતના મનદુઃખમાં એક શખ્સે તેના સાથીદારો સાથે મળીને એક નિવૃત્ત પ્રૌઢની ઓફિસમાં તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું હોવાની ઘટના સામે આવી છે. ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં આ અંગે વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી વિગત મુજબ નાનામવા મેઈન રોડ પર ભાડાના મકાનમાં રહેતા અને નિવૃત્ત જીવન ગાળતા રણજીતસિંહ પોપટભા ગોહિલનું કોઠારીયા રોડ, ઘનશ્યામનગર શેરી નં. ૧માં પોતાનું મકાન આવેલું છે, જ્યાં હાલ રિનોવેશનનું કામ ચાલી રહ્યું છે. સવારે આશરે નવ વાગ્યાની આસપાસ રણજીતસિંહને તેમના પુત્ર ઈન્દ્રજીતસિંહનો ફોન આવ્યો હતો કે તેમની ઘનશ્યામ નગરમાં આવેલી ઓફિસમાં કોઈએ તોડફોડ કરી છે. ઘટનાસ્થળે પહોંચતા પાડોશીએ જણાવ્યું હતું કે, સવારે એક સ્વિફ્ટ ગાડીમાં ત્રણ શખ્સો આવ્યા હતા. તેમાંથી એક શખ્સે નીચે ઉતરી ઓફિસના દરવાજાને પાટું મારી અંદર પ્રવેશ કર્યો હતો અને અંદર રહેલી સાધન-સામગ્રીમાં તોડફોડ કરી હતી. જતી વખતે આ શખ્સે પોતાનું નામ શીવરાજસિંહ ગોહિલ હોવાનું જણાવ્યું હતું. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે, રણજીતસિંહના ભત્રીજા ધ્રુવરાજસિંહે તેના મિત્ર દિપનેશને થોડા દિવસ પહેલા ફોન કર્યો હતો, પરંતુ ફોન ન ઉપાડતા મેસેજમાં ગાળો લખી હતી. આ બાબતે ગત તા. ૧૬/૦૪/૨૦૨૬ ના રોજ શિવરાજસિંહ ગોહિલે ધ્રુવરાજસિંહને ફોન કરીને ધમકાવ્યો હતો અને લોકેશન માંગ્યું હતું. આ જ મનદુઃખ રાખીને સવારે શિવરાજસિંહ અને તેના બે અજાણ્યા સાથીદારોએ ઓફિસમાં તોડફોડ કરી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. રણજીતસિંહ ગોહિલની ફરિયાદના આધારે ભક્તિનગર પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. એચ.કે. ડાંગરે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# બિહારના CM ને મારી નાખવાની ધમકી આપનાર આરોપી સાણંદથી ઝડપાયો

## ગુનો કબૂલી લેતા બિહાર પોલીસને સોંપાયો



રાજકોટઃ રાજ્યના નવનિયુક્ત મુખ્યમંત્રી સમાટ ચૌધરીને મોબાઈલ ફોન પર જાનથી મારી નાખવાની ધમકી આપવાના ગુનામાં અમદાવાદની સાણંદ પોલીસે મોટી સફળતા મેળવી છે. બિહારના મુંગેર જિલ્લાના સંગ્રામપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ ગુનાના આરોપીને સાણંદ પોલીસે સાણંદ-કડી રોડ પરથી ઝડપી પાડયો છે. પકડાયેલા આરોપીએ પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જ પોતાનો ગુનો કબૂલી લીધો હતો, જેને પગલે પોલીસે તેને રાઉન્ડ-અપ કરીને આગળની કાયદાકીય કાર્યવાહી માટે બિહાર પોલીસને સોંપી દીધો છે. બિહારના મુખ્યમંત્રીને ફોન પર ધમકી આપવા મામલે સંગ્રામપુર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. આ બનાવની જાણ થતાં સતત બિહાર પોલીસના સંપર્કમાં રહીને સર્વેલન્સ સ્ટાફને ધમકી આપનાર શખ્સના મોબાઈલ નંબરના આધારે આરોપીનું લોકેશન ટ્રેસ કરી તેને દબોચી લેવામાં આવ્યો હતો.

પોલીસની તપાસમાં પકડાયેલા આરોપીની ઓળખ શેખર ક્રિષ્ના યાદવ (ઉં.વ. ૩૨) તરીકે થઈ છે. મૂળ બિહારના બાંકા જિલ્લાના બેલહર તાલુકાના ખરીધા ગામનો વતની શેખર યાદવ હાલ સાણંદ તાલુકાના નિધરાડ ગામ પાસે આવેલી થાર ડ્રાયપોર્ટ કંપનીમાં જલારામ ટ્રાન્સપોર્ટની ગાડીમાં રહીને કામ કરતો હતો.

# પાટીદારોનું સમર્થન મેળવવા ભાજપના ઉમેદવારો નરેશ પટેલને મળ્યા

## પાટીદારોના મત ભાજપને મળે તે માટે સમર્થન માંગ્યાની ચર્ચા : રાજકીય વાતાવરણ ગરમાયું



રાજકોટ, તા. ૧૭

દરેક રાજકીય પક્ષ આવનારા સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પ્રચાર પ્રસારમાં વ્યસ્ત થઈ ચૂકી છે ત્યારે દરેક જ્ઞાતિનું સમર્થન મળે તે દિશામાં હાલ પગલાઓ પણ લેવામાં આવી રહ્યા છે. અડધી માહિતી મુજબ ૨૬ એપ્રિલના રોજ મહાનગરપાલિકાની સાથો સાથ અન્ય સરકારી સંસ્થાઓની પણ ચૂંટણીઓ યોજવાની છે ત્યારે ગઈકાલે ભાજપના 30 થી વધુ ઉમેદવારો ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલ ને મળ્યા હતા જેને લઈને રાજકીય વર્તુળોમાં અનેકવિધ ચર્ચાએ જોર પકડ્યું છે. રાજકોટમાં પાટીદાર મતદારોનું પણ ખાસું એવું પ્રભુત્વ છે ત્યારે પાટીદાર વિસ્તારમાં ભાજપના ઉમેદવારો ને બહુમતી મળે તે માટે ખાસ સહયોગ પણ માંગવામાં આવ્યો હોવાની ચર્ચા થઈ રહી છે.

મહાનગરપાલિકાની ચૂંટણીમાં આ વખતે ભાજપ કોંગ્રેસની સાથોસાથ આમ આદમી પાર્ટી પણ મેદાને છે ત્યારે હવે ગણતરીના નવ દિવસ જ બાકી રહ્યા છે તે સમયે પાટીદાર સમાજનું સમર્થન મળે તે દરેક રાજકીય પક્ષ ઇચ્છી રહ્યું છે ત્યારે પાર્ટીના 30 થી વધુ ઉમેદવારો આ કાર્યમાં લાગી ગયા છે અને ખાસ સમર્થન મેળવવા માટે ગઈકાલે પાટીદાર અગ્રણી નરેશ પટેલને પણ મળ્યા હતા. આકરા ઉનાળા-કાળઝાળ ગરમીમાં પ્રચાર પડકારરૂપ બની રહ્યો છે તેવા સમયે વગદારો અને સામાજીક આગેવાનો મારફત સામૂહિક પ્રચાર કરવાની રણનીતિ અપનાવવામાં આવી હોય તેમ ભાજપના ૮ થી ૧૦ વોર્ડના ઉમેદવારો ખોડલધામ પ્રમુખ નરેશ પટેલ પાસે પહોંચ્યા હતા. સૂત્રોએ કહ્યું કે, વોર્ડ નંબર ૪,૫,૬, ૮,૯,૧૦, ૧૧,૧૪,૧૬,૧૭ વગેરેના ઉમેદવારો આ મુલાકાતમાં હાજર હતા. તેમાં ઘનશ્યામ હેરભા, પ્રદિપ ડવ, મનીષ ભટ્ટ, દિલીપ લુણાગરીયા, કેતન પટેલ, રીંકલ મેઘાણી, રાજેશ લીલા, ભરત લીંબાસીયા, રાજેશ્વરીબેન માલવીયા, કિરણબેન માકડીયા, રીટાબેન સખીયા વગેરે હાજર હતા. આ બેઠકમાં રાજકોટ-૭૦ના ધારાસભ્ય રમેશ ટીલાળા પણ હાજર હતા.

માહિતગાર વર્તુળોએ એમ કહ્યું કે ભાજપના માત્ર પાટીદાર જ નહીં પરંતુ અન્ય જ્ઞાતિઓના ઉમેદવારો પણ બેઠકમાં હાજર હતા. મીટીંગનો ઈરાદો પાટીદાર મતદારોને 'મેસેજ' મોકલવાનો હોય તે સ્પષ્ટ છે. રાજકોટમાં પાટીદાર વસતી ઘણી મોટી છે અને ડઝન કરતાં વધુ વોર્ડમાં પથરાયેલી છે. સામાકાંઠા તથા ન્યુ રાજકોટમાં પ્રમાણ ઘણું મોટું છે.

પાટીદાર પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં ભાજપ ઉમેદવારોને મદદરુપ થવા તથા સહયોગ મેળવવાના ઈરાદે શુભેચ્છા મુલાકાત કરી હોવાનું માનવામાં આવી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે સામાજીક વર્ચસ્વની સાથોસાથ નરેશ પટેલ રાજકારણમાં પણ રસ લેતા હોય છે. જો કે સીધી રીતે રાજકારણમાં સક્રિય ન હોવા છતાં સ્થાનિકથી માંડીને પ્રદેશ-રાષ્ટ્રીય નેતાઓ સાથે પણ મુલાકાત થતી હોય છે. ચૂંટણી ટાણે ભાજપના ઉમેદવારોની તેમની સાથેની બેઠકને રાજકીય રીતે સુચક ગણી શકાય છે. કોર્પોરેશનના ચૂંટણી જંગમાં કોંગ્રેસ-આપ જેવા અન્ય રાજકીય પક્ષોમાંથી પણ પાટીદાર સહિતની જ્ઞાતિઓના ઉમેદવાર છે જ્યારે તેઓ પણ મળવા જાય તો નવાઇ નહીં ગણાય. ભુતકાળાં ચૂંટણી જંગમાં પાટીદાર ઉમેદવારો વચ્ચે જ સ્પર્ધા હતી તે વખતે નરેશ પટેલે સમર્થન મામલે એવું જાહેર કર્યું હતું કે ભલે બન્ન પાટીદાર હોય પણ તેમાંથી વધુ સારા હોય તેને સમર્થન કરવું જોઇએ.

### રવિવારથી ૨ દિવસ અમરેલી, ભાવનગરમાં વરસાદની આગાહી

# રાજકોટ ૪૧.૯ ડિગ્રી સાથે રાજ્યનું ગરમ શહેર



રાજકોટ, તા. ૧૭

ગુજરાત રાજ્યમાં હાલ કાળઝાળ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગ તરફથી રાહતરૂપ આગાહી સામે આવી છે. વાસ્તવમાં હવામાન વિભાગ દ્વારા આગામી કેટલાક દિવસોમાં મોટાભાગે હવામાન સૂકું રહેવાની સંભાવના દર્શાવવામાં આવી છે, છતાં ૧૯ અને ૨૦ એપ્રિલના રોજ રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. બીજી તરફ સામાન્ય કરતા શહેરોનું તાપમાન ૦.૮ ડિગ્રી વધ્યું હતું જ્યારે લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ૧.૪ ડિગ્રી વધારે નોંધાયું.

૧૯ એપ્રિલના દિવસે અમરેલી, ભાવનગર, અરવલ્લી, મહીસાગર અને દાહોદ જિલ્લામાં છૂટાછવાયા વરસાદની શક્યતા છે. ત્યારબાદ ૨૦ એપ્રિલના રોજ અમરેલી અને ભાવનગર ઉપરાંત તાપી અને ડાંગ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. આ વરસાદ ગરમી વચ્ચે થોડી રાહત લાવશે એવી અપેક્ષા છે. હવામાન વિભાગના નિષ્ણાતોના જણાવ્યા મુજબ, આગામી ત્રણ દિવસ સુધી દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ યથાવત રહેશે. તાપમાનમાં તાત્કાલિક કોઈ મોટા ફેરફારની શક્યતા નથી, પરંતુ ત્યારબાદ ૨ થી ૩ ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાઈ શકે છે, જે લોકોને થોડું આરામ અપાવશે.

છેલ્લા ૨૪ કલાકના આંકડા અનુસાર, અમદાવાદમાં ૪૦.૪ ડિગ્રી, રાજકોટમાં ૪૧.૯ ડિગ્રી, વડોદરામાં ૩૯.૪ ડિગ્રી, સુરતમાં ૩૪.૮ ડિગ્રી, અમરેલીમાં ૪૦.૩ ડિગ્રી, ભાવનગરમાં ૩૭ ડિગ્રી, ભુજમાં ૩૯.૭ ડિગ્રી, દ્વારકામાં ૩૧.૨ ડિગ્રી, ઓખામાં ૩૩.૪ ડિગ્રી, પોરબંદરમાં ૩૪.૩ ડીગ્રી તાપમાન રહ્યું.

હાલ પવનની દિશા પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ તરફ જોવા મળી છે. સાથે જ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય બન્યું છે અને દક્ષિણ-પૂર્વ રાજસ્થાનથી મણિપુર સુધી ફેલાયેલી ટ્રફ સિસ્ટમના કારણે ગુજરાતના હવામાનમાં આ ફેરફારો જોવા મળી રહ્યા છે. આ પરિસ્થિતિઓના કારણે રાજ્યમાં ગરમી વચ્ચે છૂટાછવાયા વરસાદની સ્થિતિ સર્જાઈ રહી છે.

# અખાત્રીજે એસ.ટી. વિભાગ દોડાવશે વધુ બસ

## વેકેશન સીઝન શરૂ થતા રાજકોટ એસટી ડિવિઝનનું આગોતરું આયોજન

રાજકોટ, તા. ૧૭

હાલ વેકેશન નો સમયગાળો શરૂ થઈ ચૂક્યો છે ત્યારે એસટી વિભાગની આવકમાં પણ વધારો થઈ રહ્યો છે બીજી તરફ લોકો પણ એસટી નિગમ નો ભરપૂર લાભ લઈ રહ્યા હોવાનું પણ માલુમ પડ્યું છે. ત્યારે વેકેશનની સિઝનમાં એક્સટ્રા ૨૦૦ દોડાવવા માટે રાજ્યના અને આંતરરાષ્ટ્રીય રૂટ ઉપર બસનું આયોજન કરવા માટે હાલ તમામ જરૂરી પગલાઓ પણ લેવામાં આવ્યા છે. રવિવારે અખાત્રીજના પાવન અવસર એ પણ એસટી વિભાગ વધુ ૨૦૦ દોડાવશે જેથી લગ્ન ગાળામાં જતા લોકોને કોઈ પણ પ્રકારની હેરાનગતિનો સામનો ન કરવો પડે.

વેકેશન અને લગ્નગાળાનો સમય હવે ખુબજ નજીક આવી ગયો છે. ત્યારે એસટી નિગમ પણ આ સીઝનનો ભરપૂર લાભ લેવા માટે સજજ બની ગયું છે. અને દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ વેકેશન અને લગ્નગાળા અનુસંધાને રાજયવ્યાપી એક્સ્ટ્રા બસો રાજયનાં અને આંતરરાજય રૂટો ઉપર દોડાવવાનું આગોતરૂ આયોજન કરી લીધુ છે. ખાસ કરીને રાજયનાં ફરવાનાં અને ધર્મસ્થાનો માટે સોથી વધુ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવનાર છે.

નિગમના સૂત્રોના જણાવ્યા મુજબ તા.૧૯ને રવિવારે પણ અખાત્રીજનાં દિવસે વ્યાપક લગ્નગાળો છે ત્યારે રવિવારે પણ રાજકોટ સહિત રાજયનાં ૧૬ ડીવીઝનોમાંથી એકસ્ટ્રા બસો દોડાવવામાં આવશે. વેકેશન અને લગ્નગાળાનાં તા.૧ મેથી શરૂ થનારા એકસ્ટ્રા સંચાલન અંગે એસ.ટી. નિગમની વડી કચેરીનાં જણાવ્યા મુજબ ઉનાળુ વેકેશન દરમિયાન નિગમ દ્વારા સમગ્ર રાજયના વિવિધ ડેપો ખાતેથી મુસાફર ટ્રાફિક પ્રમાણ ધ્યાને લઈ એકસ્ટ્રા સંચાલન કરવામાં આવે છે. જેમાં મુખ્યત્વે અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, ગોધરા જેવા વિભાગો ખાતેથી સોમનાથ દ્વારકા, પાવાગઢ, અંબાજી વગેરે જેવા ધાર્મિક સ્થળો પ્રવાસન સ્થળોએ જવા આવવા માટે એકસ્ટ્રા ટ્રીપોનું આયોજન કરવામાં આવશે.

વર્ષ ૨૦૨૫ના ઉનાળુ વેકેશન દરમિયાન ૨૭૬૫૦ જેટલી ટ્રીપો સંચાલીત કરી ૧૨ લાખથી વધુ મુસાફરોને પરિવહન સેવાનો લાભ આપવામાં આવેલ. ચાલુ વર્ષના ઉનાળુ વેકેશન ૨૦૨૬ દરમિયાન પણ રાજયના વિવિધ ધાર્મિક સ્થળો જેવા કે પાવાગઢ, અંબાજી, સોમનાથ, દ્વારકા ખાતે અંદાજીત કુલ ૧૦,૦૦૦થી વધુ ટ્રીપો સંચાલીત કરવાનું આગોતરૂ આયોજન કરેલ છે. વધુમાં નિગમના સૂત્રોના જણાવ્યા મુજબ વેકેશન- લગ્નગાળા દરમ્યાન એસટીની અંદાજે એક હજાર જેટલી વધારાની બસો વિવિધ રૂટો ઉપર દોડાવવામાં આવશે.

જયારે આવતા રવિવારે અખાત્રીજના દિવસે ૬૦૦થી ૭૦૦ જેટલી વધારાની બસો રાજયભરમાંથી દોડાવવામાં આવનાર છે. આ ઉપરાંત રાજકોટ એસટી વિભાગના અધિકારીક સૂત્રોના જણાવ્યા મુજબ તા.૧૯ને રવિવારે વિભાગ દ્વારા લગ્નગાળા અનુસંધાને ૫૦થી ૬૦ જેટલી એકસ્ટ્રા બસો દોડાવાશે તેમજ લગ્નગાળો અને વેકેશન અનુસંધાને રાજકોટ વિભાગ ૧૦૦થી વધુ વધારાની બસો દોડાવશે.





# નવનિર્મિત થયેલા રોડ પર તિરાડ

## યાજ્ઞિક રોડ પરના ચિત્રો આવ્યા સામે : મહાનગરપાલિકાની લોટ પાણીને લાકડા જેવી કામગીરી

રાજકોટ, તા. ૧૭

મહાનગરપાલિકાની નબળી કામગીરીના દેખીતા પુરાવા એક નહીં અનેક છે ત્યારે ખાસ એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે કે આવનારા દિવસોમાં હાલ આ પ્રકારની કોઈ કામગીરી ન થાય. ત્યારે એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી કે જે નવા ડામર રોડના કામ થયા છે તેમાં પણ કામગીરી લોટ પાણીને લાકડા જેવી છે હાલ યાજ્ઞિક રોડ ઉપર બનાવવામાં આવેલો નવો રોડ સંપૂર્ણ ક્ષતિગ્રસ્ત થવા લાગ્યો હોય તેવું જોવા મળ્યું છે અને રોડ ઉપર તિરાડ પણ દેખાવા લાગી છે જેને લઈને હાલ મહાનગરપાલિકાની કામગીરીથી લોકોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.

આ તમામ ખર્ચ લોકોના ટેક્સના પૈસાથી જ કરવામાં આવતા હોય છે ત્યારે યોગ્ય સુવિધા આપવાના બદલે જે કામ કરવામાં આવે છે તેમાં પણ લોટ પાણીને લાકડા જેવું કામ થતું હોય છે જેને લઈને ભારે વિરોધ ઉઠયો છે. હાલ આચાર સહિતા ના પગલે કોઈ નક્કર કામ થઈ શકે તેમ નથી ત્યારે નવી ચૂંટાયેલી બોડી આવનારા સમયમાં કયા પ્રકારે કામ કરશે તે હવે જોવાનું રહ્યું. જો આ અંગે ભવિષ્યમાં નક્કર પગલા લેવામાં નહીં આવે તો એ દિવસ દૂર નથી કે લોકોએ સારી સુવિધા માટે વલખા મારવા પડશે. હાલ ચોમાસાની ઋતુ શરૂ થવાને આડે દોઢ મહિનો જ બાકી રહ્યો છે ત્યારે

રાજકોટમાં ચોમાસા બાદ તુરંત ડામર કામ શરૂ થઇ ગયા હતા. હજુ ડામરની સપ્લાયમાં બ્રેક વચ્ચે નવા કામ ધીમી ગતિએ ચાલી રહ્યા છે ત્યારે પોશ એરીયા અમીન માર્ગ ઉપર વિકાસમાં જાણે ગાબડુ પડયુ હોય તે રીતે રોડ બેસી જતા અને ઉંડો ખાડો પડી જતા કઇ પ્રકારનો વિકાસ ચાલુ છે તેવો સવાલ અહીંથી રોજ પસાર થતા સેંકડો વાહન ચાલકો કરવા લાગ્યા છે. વોર્ડ નં.૮ના અમીન માર્ગ સહિતના વિસ્તારમાં આમ તો રોડ, રસ્તા સહિતની પ્રાથમિક સુવિધા પુરી પહોંચેલી છે. સુખી સંપન્ન પોશ એરીયામાં રોજિંદા સેવાઓ લગભગ નિયમિત છે પરંતુ ચોમાસામાં ભાંગેલા રસ્તાની સમસ્યાથી આ વોર્ડ પણ બચી શકયો ન હતો.

કારણ કે આ વિસ્તારમાં પણ ડીઆઇ પાઇપલાઇનના મોટા કામ થયા હતા. ચૂંટણી વર્ષમાં અન્ય વોર્ડની સાથે આ વોર્ડમાં પણ ધમધોકાર ડામર કામ શરૂ કરવામાં આવ્યા હતા. પરંતુ ચોમાસા બાદના ત્રણેક મહિનામાં બનેલા રોડ પર ગાબડા પડવા લાગ્યાનું દેખાઇ રહ્યું છે.

અમીન માર્ગ કૈલાસ ફરસાણની બાજુમાં ત્રણ-ચાર મહિના પહેલા જ બનેલો ડામર રોડ ફરી બેસી ગયો છે. આ નવા રોડ પર ખાડો પડતા અને રોડ વચ્ચેથી બેસી જતા સામાન્ય નાગરિકોએ પેવિંગ બ્લોક મુકીને આ ખાડો કવર કરવો પડયો છે. જાગૃત વાહન ચાલકોએ આજે 'સાંજ સમાચાર'ને આ રોડની હાલત મોકલીને વિકાસમાં ખાડો પડી ગયાની લાગણી પહોંચાડી હતી.

કોર્પો.માં એક તરફ આચારસંહિતા હેઠળ નવા જુના કામોને બ્રેક મારી દેવામાં આવી છે. તંત્ર કયાં શું કામ કરે છે તે કોઇને ખબર પડતી નથી. પરંતુ વાહન ચાલકોને જોખમમાં મુકતા ખાડા બુરવામાં તો તંત્રને આચારસંહિતા નહીં નડે ને તેવો પ્રશ્ન ઉઠી ગયો છે.

પ્રથમ માસીક પુણ્યતીથી એ
ઋણ સ્વિકાર - આભાર



સ્વ. શ્રી કશ્યપભાઈ હરસુતરાય રાવલ
જન્મ તા. ૩૦-૧૧-૧૯૬૬, બુધવાર, વિ. સ. ૨૦૨૩ કારતક વદ બીજ
સ્વ. તા. ૧૮-૦૩-૨૦૨૬, બુધવાર, વિ.સ. ૨૦૮૨ ફાગણ વદ અમાસ

અમારા શ્રી કશ્યપભાઈ હરસુતરાય રાવલ ની વિદાયથી સમગ્ર પરિવાર એક ઉંડા આઘાતમાંથી પસાર થઇ રહયો છે, જીવનમાં એક એવો ખાલીપો સર્જાયો છે ત્યારે, અચાનક આવી પડેલ અણધારી આફતને સહન કરવાની અને અમને સૌને આઘાતની લાગણીમાંથી બહાર નીકળવાના આપ સૌના આશ્વાસન થી અમે ગદ્ગદીત બન્યા છીએ.
આ અકલ્પનીય દુઃખ અને આઘાતના દુઃખદ પ્રસંગે રૂબરૂ, લેખીત, ટેલીફોનીક તેમજ સોશીયલ મીડીયાના માધ્યમથી દિલાસો વ્યકત કરી, અમારા દુઃખમાં સહભાગી બનનાર સર્વે પરિજનો, મિત્રો, વડીલો, રૂબરૂ મુલાકાતીઓ, શુભેચ્છકો તેમજ જ્ઞાતીબંધુઓનો આ તકે અંતરથી આભાર માનીએ છીએ. આપ સહુએ આ વસમી વેળાએ આ કારમાઆઘાત સમયે દાખવેલી લાગણી અને હુંફ બદલ અમો આપ સહુના હંમેશા ઋણી રહીશું.
પરમ કૃપાળુ પરમાત્મા સ્વ. કશ્યપભાઇ ના દિવ્ય વિદેહી આત્માને પરમ શાંતિ તેમજ સદ્ગતી અર્પે એજ પ્રાર્થના...

લી. ભાવિક કશ્યભાઇ રાવલ
રીમાબેન કશ્યપભાઇ રાવલ
શાસ્ત્રી જીવનલાલ વલ્લભજી રાવલ
પરિવારનાં જયશ્રી કૃષ્ણ

રાજકોટ મિરર તંત્રીની કલમે

# નારી શક્તિ મોટો પડકાર

## મહિલા અનામતની આશા અને વાસ્તવિક સમસ્યા બંને અલગ



રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં અત્યારે ચૂંટણીનો ગરમાવો જામી રહ્યો છે. આ નિર્ણાયક સમયે લોકસભામાં પમહિલા અનામત બિલથ પસાર થવું એ ભારતીય લોકશાહી માટે ઐતિહાસિક અને પરિવર્તનકારી કદમ છે. આ બિલ દ્વારા ભાજપે રાષ્ટ્રીય સ્તરે મહિલા મતો પર ધ્યાન કેન્દ્રિત કરીને મોટા પરિવર્તનની આશા જગાડી છે. પાંચ રાજ્યોની ચૂંટણીઓ ટાણે જ આ બિલ પસાર થતા ભાજપને તેનો સીધો રાજકીય લાભ મળવાની આશા છે. ગુજરાતમાં મહિલાઓ હંમેશા ભાજપની મજબૂત કેડર રહી છે, પરંતુ વર્તમાન સ્થિતિમાં કેટલાક પાયાના પ્રશ્નો મહિલાઓના મનમાં ઉચાટ જન્માવી રહ્યા છે.

એક તરફ અનામતની ઉજવણી છે, તો બીજી તરફ ગુજરાતમાં વધતી નશાખોરી અને ગુનાખોરી મહિલાઓ માટે ચિંતાનો વિષય બની છે. અસામાજિક તત્વોનો ત્રાસ અને કાયદો-વ્યવસ્થાની કથળતી સ્થિતિનો સૌથી વધુ ભોગ પઆધી આબાદીથ એટલે કે મહિલાઓ જ બને છે. રસ્તાઓ પર કે મહોલ્લામાં સુરક્ષાના પ્રશ્નો મહિલાઓને અકારણ માનસિક ત્રાસ આપે છે. આ ઉપરાંત, આસમાને પહોંચેલી મોંઘવારીએ ગૃહિણીઓનું બજેટ વેરવિખેર કરી નાખ્યું છે. ગેસના બાટલાની અછત અને તેના વધતા ભાવોના કારણે મહિલાઓ આર્થિક રીતે ભારે પરેશાની ભોગવી રહી છે. રસોડું ચલાવવું હવે સ્ત્રીઓ માટે એક કપરું કામ બની ગયું છે. કેન્દ્ર સરકાર દ્વારા મહિલા સશક્તિકરણની અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે, પરંતુ સ્થાનિક સ્તરે ચિત્ર કંઈક અલગ જણાય છે. ભાજપનું રાષ્ટ્રીય નેતૃત્વ ખૂબ મહેનત કરી રહ્યું છે, પણ સ્થાનિક કક્ષાએ અણઘડ નેતાગીરી અને જનસંપર્કનો અભાવ એક મોટો અવરોધ બની રહ્યો છે. સ્થાનિક નેતાઓ પ્રજાના મૂળભૂત પ્રશ્નો, જેમ કે સુરક્ષા અને મોંઘવારી, ઉકેલવામાં ઉણા ઉતર્યા હોય તેમ લાગે છે. આ અણઘડ વહીવટના કારણે મહિલા મતદારોમાં ક્યાંક અસંતોષની લાગણી જન્મી છે, જે આવનારી ચૂંટણીમાં પક્ષ માટે મોટો પડકાર બનીને ઉભરી શકે છે. મહિલા અનામત બિલ ચોક્કસપણે આવકારદાયક છે અને તેનાથી લાંબા ગાળે ફાયદો થશે. પરંતુ, વર્તમાનમાં મહિલાઓને કાગળ પરના કાયદા કરતા જમીની સ્તરે સુરક્ષા અને આર્થિક રાહતની વધુ જરૂર છે. જો સ્થાનિક નેતૃત્વ પોતાની કાર્યશૈલી સુધારીને મહિલાઓના આ પાયાના પ્રશ્નોને ગંભીરતાથી લેશે, તો જ નારી શક્તિનો સાચો સહયોગ પ્રાપ્ત કરી શકાશે. અનામતની ખુશી ત્યારે જ સાર્થક ગણાશે જ્યારે ગૃહિણી પોતાના રસોડામાં અને સ્ત્રી સમાજમાં સુરક્ષિત અનુભવશે.




# હોર્મુઝ ફરી ખુલતા બ્રેન્ટ ક્રૂડના ભાવમાં ૧૧ ટકાનો ઘટાડો

## સપ્લાયમાં ગૂંગળામણનો ભય દૂર થયાનો વિશ્વિક અહેસાસ

નવી દિલ્હી, તા.૧૭

ઈરાને હોર્મુઝ સ્ટ્રેટને સંપૂર્ણપણે ફરીથી ખોલ્યાની જાહેરાત બાદ તેલના ભાવમાં શુક્રવારે નાટ્યાત્મક ઘટાડો થયો હતો.

આ પગલાથી વોશિંગ્ટન અને તેહરાન વચ્ચેના તાજેતરના ઉચ્ચ-દાવના મડાગાંઠ દરમિયાન બજાર પર દબાયેલા યુદ્ધ-જોખમ પ્રીમિયમને અસરકારક રીતે નાબૂદ કરવામાં આવ્યું.ઈરાને શુક્રવારે હોર્મુઝ સ્ટ્રેટને વાણિજ્યિક પરિવહન માટે સંપૂર્ણપણે ખુલ્લું જાહેર કર્યું. આ પગલું ઈઝરાયલ અને લેબનોન વચ્ચે ૧૦ દિવસના યુદ્ધવિરામ અને વ્યાપક પ્રાદેશિક તણાવ ઘટાડવા અંગે યુએસ વહીવટીતંત્રના આશાવાદી સ્વર પછી લેવામાં આવ્યું હતું.અમેરિકા-ઈરાન વચ્ચેના તણાવ દરમિયાન ઉભા થયેલા યુદ્ધ-જોખમ પ્રીમિયમને દૂર કરવા વેપારીઓ દોડી ગયા હોવાથી, બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧૧% ઘટીને ૮૮ પ્રતિ બેરલ થયું, જ્યારે યુએસ વેસ્ટ ટેક્સાસ ઇન્ટરમીડિયેટ ૧૦% ઘટીને ૮૧.૫ પ્રતિ બેરલ થયું. બજારમાં મંદી યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ટ્રુથ સોશિયલ પર કરાયેલી જાહેરાતથી શરૂ થઈ હતી: ઈરાને હમણાં જ જાહેરાત કરી છે કે ઈરાનનો ખાડીનો વિસ્તાર સંપૂર્ણપણે ખુલ્લો છે અને સંપૂર્ણ માર્ગ માટે તૈયાર છે.

આભાર,રાષ્ટ્રપતિએ પ્રાદેશિક તણાવમાં સફળતાનો સંકેત આપતા પોસ્ટ કરી.ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાગચીએ પણ ફરીથી ખોલવાની પુષ્ટિ કરી, આ પગલાને લેબનોનમાં તાજેતરમાં લાગુ કરાયેલા યુદ્ધવિરામ પછી વ્યાપક પ્રાદેશિક સ્થિરતા સાથે જોડ્યું.અરાગચીએ જણાવ્યું હતું કે જળમાર્ગ હવે યુદ્ધવિરામના બાકીના સમયગાળા માટે સંપૂર્ણપણે ખુલ્લો છે, જે વૈશ્વિક શિપિંગ માટે રાહતનો એક મહત્વપૂર્ણ માર્ગ પૂરો પાડે છે.૩૦ કિલોમીટર પહોળી હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વની સૌથી મહત્વપૂર્ણ ઉર્જા માર્ગ છે, જે વૈશ્વિક તેલ વપરાશના આશરે ૨૦% હિસ્સો સંભાળે છે. તાજેતરના અઠવાડિયાના સંઘર્ષ દરમિયાન તેના અસરકારક બંધ થવાથી વૈશ્વિક ઉર્જા ક્ષેત્રમાં મોટો આંચકો લાગવાની ધમકી આપવામાં આવી હતી, જેના કારણે વેપારીઓને સૌથી ખરાબ કિસ્સામાં પુરવઠામાં કાપ મૂકવાની ફરજ પડી હતી. ભાવમાં ઘટાડો મુખ્ય ઉર્જા આયાત કરતા દેશો, ખાસ કરીને ભારતને નોંધપાત્ર આર્થિક રાહત આપે છે, જે તેની ૮૯% ક્રૂડ જરૂરિયાતો માટે આયાત પર આધાર રાખે છે. સ્ટ્રેટ દ્વારા ટ્રાફિક પુનઃસ્થાપિત થવાથી મધ્ય પૂર્વીય ક્રૂડનો સતત પ્રવાહ સુનિશ્ચિત થાય છે, જે એશિયા અને યુરોપમાં ફુગાવાથી પ્રભાવિત અર્થતંત્રો પર દબાણ ઘટાડે છે. બજારોએ તાત્કાલિક આશાવાદ સાથે પ્રતિક્રિયા આપી છે, પરંતુ વિશ્લેષકો સાવધ રહે છે. જોકે હાલ માટે ક્રૂડ ૮૦-૯૦ ની રેન્જની આસપાસ સ્થિર થયું છે, આ શ્વાસનું સ્થાયીપણું સંપૂર્ણપણે યુદ્ધવિરામની ટકાઉપણું અને અખાતમાં નવેસરથી દરિયાઈ ઘર્ષણની સતત ગેરહાજરી પર આધારિત છે.

# ભારત રશિયા પાસેથી ઓઈલ-LPG ખરીદતું રહેશે

## અમેરિકાના પ્રતિબંધો છતાં ઉર્જા નીતિ આંતરિક મામલો હોવાનો ભારતનો દાવો

નવી દિલ્હી, તા.૧૭

અમેરિકાએ તાજેતરમાં જ ભારત અને એશિયાના દેશોને ઝટકો આપતાં રશિયા અને ઈરાન પાસેથી ઓઇલ ખરીદવા સામે આપેલી ૩૦ દિવસની રાહતને ખતમ કરી દીધી છે. હવે કોઈ પણ દેશ અમેરિકાના નિર્ણય વિરુદ્ધ ઓઇલ ખરીદી ચાલુ રાખશે તો તેની સામે પ્રતિબંધ મૂકવાની ધમકીઓ આપવામાં આવી છે.

આ સૌની વચ્ચે ભારત સરકાર સાથે સંબંધિત સૂત્રોનો દાવો છે કે અમેરિકાના પ્રતિબંધોનો ડર છતાં ભારત રશિયા પાસેથી ઓઇલ અને એલપીજીની ખરીદી ચાલુ રાખશે. સૂત્રોએ કહ્યું કે ભારતની ઊર્જા નીતિ સંપૂર્ણપણે ભારતનો આંતરિક મામલો છે અને અમેરિકાના પ્રતિબંધોથી તેને કોઈ લેવા દેવા નથી.

એક રિપોર્ટમાં સૂત્રોને ટાંકીને કહેવાયું છે કે ભલે અમેરિકાએ ૩૦ દિવસની છૂટ આગળ નથી વધારી પરંતુ ભારતની રિફાઇનરીઓ પહેલાની જેમ જ એ કંપનીઓ અને જહાજોથી ઓઇલની ખરીદી ચાલુ રાખશે જે પ્રતિબંધના દાયરામાં નથી. એક અધિકારીએ કહ્યું કે આ છૂટ આપવી કે ન આપવી એ અમેરિકાનો




અધિકાર હશે પણ તેનાથી ભારતની નીતિ ન નક્કી થાય. બિન પ્રતિબંધિત સ્ત્રોતના માધ્યમથી ઓઇલ અને એલપીજીની ખરીદી સદંતર ચાલુ રહેશે.

# વેદાંતાના માલિક અનિલ અગ્રવાલ વિરુદ્ધ FIR

## પ્લાન્ટ બ્લાસ્ટમાં ૨૧ શ્રમિકોના મોત મામલે બેદરકારીનો આરોપ



છતીસગઢ,તા.૧૭

છત્તીસગઢના શક્તિ જિલ્લામાં આવેલા વેદાંત પાવર પ્લાન્ટમાં થયેલા ભીષણ બોઈલર વિસ્ફોટ મામલે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૨૧ શ્રમિકોના મોત નિપજ્યા છે. જ્યારે અનેક હજુ પણ હોસ્પિટલમાં જિંદગી અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. પોલીસે આ મામલે ગંભીર બેદરકારી બદલ વેદાંત ગ્રુપના ચેરમેન અનિલ અગ્રવાલ અને પ્લાન્ટ મેનેજર દેવેન્દ્ર પટેલ સહિતના જવાબદાર અધિકારીઓ સામે ગુનો નોંધી તપાસ તેજ કરી છે.

૧૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ બપોરે ૨:૩૩ વાગ્યે જ્યારે શ્રમિકો કામ કરી રહ્યા હતા, ત્યારે બોઈલર-૧માં જોરદાર વિસ્ફોટ થયો હતો. બોઈલર મુખ્ય નિરીક્ષકના રિપોર્ટ અનુસાર બોઈલર ફર્નેસની અંદર જરૂર કરતા વધુ ઈંધણ જમા થઈ ગયું હતું. જેના કારણે અચાનક અસામાન્ય દબાણ ઉભું થયું અને વિસ્ફોટ થયો. આ દબાણ એટલું પ્રચંડ હતું કે બોઈલરની નીચેની પાઈપલાઈન પોતાની જગ્યાએથી ખસી ગઈ અને લોખંડનું આખું માળખું ધરાશાયી થઈ ગયું. તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, દુર્ઘટનાના કલાકો પહેલા જ પ્લાન્ટના સેફ્ટી સિસ્ટમમાં રેડ એલર્ટ આવી રહ્યા હતા. સવારથી જ પ્રાઈમરી એર (PA) ફેન વારંવાર ફેઈલ થઈ રહ્યો હતો. કંટ્રોલ રૂમની લોગબુક મુજબ સવારે ૧૦:૩૦ વાગ્યે ખામી નોંધાઈ હોવા છતાં પ્લાન્ટ બંધ કરવામાં આવ્યો નહોતો.

સૌથી ગંભીર બાબત એ છે કે ટેકનિકલ ખામી હોવા છતાં, બપોરે ૧:૦૩ થી ૨:૦૯ ની વચ્ચે બોઈલરનો લોડ ૩૫૦ મેગાવોટથી વધારીને ૫૯૦ મેગાવોટ કરી દેવામાં આવ્યો હતો. માત્ર એક કલાકમાં ઉત્પાદન લગભગ બમણું કરવાની આ ઉતાવળે જ મજૂરો માટે મોતનો છટકું તૈયાર કર્યું હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે.

પોલીસ અધિક્ષક પ્રફુલ્લ ઠાકુરના નિર્દેશ પર ડભરા પોલીસ સ્ટેશનમાં અનિલ અગ્રવાલ, દેવેન્દ્ર પટેલ અને NGSL કંપનીના જવાબદાર અધિકારીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૦૬(૧), ૨૮૯ અને ૩(૫) હેઠળ FIR નોંધવામાં આવી છે. એડિશનલ એસપી પંકજ પટેલના નેતૃત્વમાં SIT આ મામલે ઊંડી તપાસ કરી રહી છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# માનસ રત્નાવલી (ભાગ-૩)

## તુલસી ચિન્મય જ્યોતિ છે અને મા રત્નાવલી એક મૃણમય દીવો!



માનસ રત્નાવલીનાં ત્રીજા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે રત્નાવલી વિશે ઈતિહાસમાં ઘણું કહેવાયું છે, અને મારા શ્રોતાઓ પુછે છે, અમારે શું સાચું માનવું! અમે તો તમને માનીએ છીએ! મારું એમને એટલું જ કહેવું છે કે હું કોઈ વાત સિદ્ધ કરવા માટે નથી આવ્યો! વ્યાસપીઠનો શુદ્ધિનો નિરંતર પ્રયાસ રહે છે. મારી સમજ મુજબ તુલસી એક અખંડ જ્યોત છે, અને મા રત્નાવલી એક દીવો! બંનેનું એકબીજા વિના મૂલ્ય નથી! જ્યોતિ ચિન્મય હોય છે, અને દીવો માટીનો એટલે કે મૃત્તિકામય હોય છે, અહીં તેજોમય ચેતના અને મૃણમય એટલે કે માટી જેવી મૂલાયમ ચેતનાનો સંગમ થાય છે. દીવો ન્હોત તો જ્યોત પ્રગટી ન્હોત! અને તો વિશ્વમાં રામચરિત માનસનું અજવાળું ફેલાયું ન્હોત. આપણે કંઈ પ્રમાણિત નથી કરવું માત્ર જેના વચનોને કારણે તુલસીને વૈરાગ્ય આવ્યો, એવી મા રત્નાવલીના ઘાટે શુદ્ધ થવાં થોડું દર્શન કરીએ. કહે છે કે તુલસીને કહ્યા પછી મા રત્નાવલી ખૂબ રડ્યાં, અને કહ્યું કે આપનો આટલો પ્રેમ જોઈ મજાકની ચૂટકી ખણી હતી! મને ક્યાં ખબર હતી કે મારે કારણે જ હું વિરહી થઈશ! અને એટલે હું ક્યારેય તમે છોડી ગયા એવો ઠપકો નહીં આપું! તુલસીના પ્રમાણમાં બુદ્ધ થોડાં કઠોર ત્યાગી લાગે! કારણ કે રાહુલના જન્મ પછી વૈરાગ્ય લીધો! રાહુલનો શું દોષ? તુલસી સીતા અપહરણ પછી જ્યારે રામ સંબંધી ભાવ આલેખે છે ત્યારે એ કદાચ પોતાનો ભાવ પણ હોય શકે! નસ્રતત્વ પ્રેમ કર મમ અરુ તોરાસ્ત્રસ્ત્ર મને આવું કહેવા કોઈ ટકોરા મારે છે.

કાલે સાંજે નવદુર્ગાનાં નવ સ્વરૂપોની ચર્ચા ચાલી રહી હતી કે શૈલપુત્રી કોણ ? બ્રહ્મચારિણી કોણ ? આમ દરેક સ્વરૂપનું મુખ્ય તાત્વિક દર્શન શું હોય શકે! અને મને કહેવા દો કે, મા રત્નાવલીમાં નવદુર્ગાનાં નવે સ્વરૂપનું તાત્વિક દર્શન દેખાય છે. શૈલપુત્રી એટલે કે હિમાલય જેવાં અચલ પિતાની પુત્રી! દીનબંધુ પાઠક એ સમયનાં બહું મોટાં વેદાંતી હતાં, અને એની વાત અકાટ્ય રીતે સ્વીકાર્ય રહેતી! એટલે કે અચલ પિતાની પુત્રી! બીજું સ્વરૂપ બ્રહ્મચારિણી, રત્નાવલી તો વિવાહિતા હતાં, જેના બ્રહ્મમય ચરણ છે, એનાં હ્રદયમાં બ્રહ્મ તત્વ છુપાયેલું હતું, માટે તો તુલસીને એના વચનોનો મર્મ સ્પર્શી ગયો, એ રીતે એ અનટચ છે, એનું ચિંતન કુંવારુ છે! એનાં દોહાઓ વાંચીએ તો તુલસી પાછળ રહી જાય છે. રત્નાવલી ખૂબ સુંદર છે એટલે કે ચંદ્રઘંટા પણ છે. રત્નાવલી કુષ્માંડા પણ છે, કારણ કે એણે કુખેથી નહીં પણ મુખેથી તુલસી રુપી ગોસ્વામીને જન્મ આપ્યો! સ્કંદ માતા, એણે વિશ્વને રામાયણનું પરમ ધર્મ રુપી દૂધ પાયું, રત્નાવલી એ પરમ ધર્મ શીખવ્યો. વિવાહિતતાના સંયમ નિયમ વ્યવહારિકતા, જે આપણાં જીવનનો સ્વધર્મ નિભવનારી દુર્ગાને કાત્યાયની કહે છે. પતિ ગયાં પછી પોતે વ્રત અનુષ્ઠાન કર્યા અને કુટુંબ તેમજ સમાજ સેવા પણ કરી. કાલરાત્રિ એટલે ભય પમાડે એ નહીં પણ ભય દૂર કરનાર, લોકોને અંધશ્રદ્ધાપ્રેરક મૃત્યુના ભ્રમ અને ભ્રાંતિ માંથી બહાર કાઢનારી એ કાલરાત્રિ છે. જે પેઢીઓનું પાલન પોષણ કરે એને ગૌરી કહે છે, પરિવારનાં અન્ય સભ્યો સાથે અનુબંધ હશે એ રીતે એનું પાલન પોષણ કર્યુ. પાછલાં જન્મની સ્મૃતિ સાથે લઈ પાછા ફરેલા! એટલે કે કોણ પતિ હતાં એને જ પ્રાપ્ત કરવાનો નિર્ણય કરે એ ગૌરી, જેમ કે સતી બીજા જન્મમાં પાર્વતી બની શંકરને પતિ તરીકે પ્રાપ્ત કરે છે! અને એ રીતે તુલસી અને રત્નાવલીની યાત્રા પણ જન્મ જન્મની હશે! સંતો કહે છે વાલ્મિકી જ તુલસી તરીકે જન્મ્યા! વાલ્મીકિનું મૂળ નામ રત્નાકર છે, અને એ રીતે ત્યાં રત્નાવલીનાં સંબંધનો નિર્દેશ થાય છે!: અને એટલે મને મા નવદુર્ગાનાં નવે સ્વરૂપનું તાત્વિક દર્શન રત્નાવલી માં પણ થાય છે. મારી માટે તો દરેક નારી રત્ન છે.

એક પ્રશ્ન છે કે તુલસીનાં જમાનાની રામકથા અને આજની રામકથામાં શું અંતર છે? અર્થાત રામકથાનો સાર એક જ છે તો એ શું છે? તુલસી નામનાં મૂળને પકડીને રામકથા નિતનૂતન થતી જાય છે. હું પણ કલ્પના નથી કરી શકતો, કે કથામાં હું શું બોલીશ! શ્રોતાઓ પણ વિચારે કે બાપુ હવેની કથામાં કયો વિષય લેશે? કથા રોજ નવાં વસ્ત્ર પરિધાન કરીને આવે છે! પણ કથાનો સાર તો રામ જ રહેશે! ત્યારે રામકથા નું સ્વરૂપ આવું નહીં હોય! આટલાં મોટાં પંડાલ નહીં હોય! લાઈવ ટેલિકાસ્ટ નહીં હોય! કદાચ આટલાં બધાં શ્રોતાઓ પણ નહીં હોય! પણ રામ તત્વ તો આ જ રહ્યું હશે!

પ્રશ્ન છે કે બાપુ સીત્તેર વર્ષની ઉંમરે પણ હજી કામના છૂટતી નથી! રામ નામનો જાપ કરવા છતાં એમાંથી મુક્તિ નથી! ફળની આશા સાથે રામનામ લેવું નહીં! બસ રામનામ રટતા રહો, અને કામ ક્રિયામાં પરિણમે નહીં, વિચારો સુધી રહે એટલું સ્વનિયંત્રણ રાખવામાં નામ મદદ અવશ્ય કરશે. પ્રશ્ન બાપુ મારાં જીવનમાં ઘાસ જેમ વિપત્તિ ઉગી નીકળે છે, તો એનું નિવારણ કરો! વિપત્તિ આવવાનાં ઘણાં કારણો છે, કર્મનું કારણ પણ હોય! તો અણસમજ પણ એક કારણ હોય શકે, ક્યારેક ક્યારેક બધું જ સુખ હોવા છતાં દુ:ખ શોધે છે! ગુજરાતી સવા ભગત કહે છે કે સંપત્તિ વિપત્તિ અચાનક આવી પડે, પણ નામ વાળાને નહીં નડે! એટલે જેનું સ્મરણ નિત્ય હોય તેને કંઈ નડતું નથી. વિપત્તિનાં બીજ ને જમીન ન આપો, એ આપોઆપ ખતમ થઈ જશે! પણ આપણે સ્વભાવ વશ એને જમીન આપીએ છીએ, અને સિંચાઈ પણ કરીએ છીએ એટલે વધે છે. મંથરા એક નિમ્ન માનસિકતા છે! કૈકેયી જેવી મહારાણીએ કાન આપ્યાં, એટલે કે એની વાત કાને ધરી! તુલસી લખે છે!

બિપતિ બીજુ બરષા રિતુ ચોરી,
ભૂંઈ ભઈ કુમતિ કૈકેયી કેરી.

પાઈ કપટ જલુ અંકુર જામા,
બર દોઉ દલ દુ:ખ ફલ પરિનામા.

મંથરા નામની વર્ષાઋતુને કૈકેયી એ જમીન આપી, અને સ્વાતિ નક્ષત્ર નહોતું વરસ્યું પણ કપટનાં જલ થી એનું સિંચન થયું, અને આખી અયોધ્યા માટે રામ વનવાસની વિપત્તિ આવી.

કથાનાં ક્રમમાં આગળ વધીએ! કુંભની કથામાંથી યાજ્ઞવલ્ક્ય ઋષિ પાછાં ફરી રહ્યાં હતાં ત્યારે ભારદ્વાજ ઋષિ એમને રોકી લે છે, અને રામ તત્વ શું છે? એ વિસ્તારથી કહો. યાજ્ઞવલ્ક્ય મહારાજ એમને રામકથા કહેતા પહેલાં શિવકથા સંભાળાવે છે, રામ અને શિવનો સમન્વય કરે છે. ત્રેતાયુગ ચાલી રહ્યો હતો, અને એકવાર ભગવાન શંકર સતીને લઈને કુંભજ ઋષિનાં આશ્રમે કથા સાંભળવા જાય છે. કુંભજ ઋષિ ભગવાન શંકર અને સતીનું પૂજન કરે છે, એટલે સતી એવો અર્થ કરે છે, કે ઘડામાંથી જેનો જન્મ થયો છે, એ શું કથા કહેશે! કોઈ આપણને આદર આપે તો એનાથી આપણી યોગ્યતા સિદ્ધ નથી થતી, પણ એની નમ્રતા સિદ્ધ થાય છે. કથા સાંભળ્યા બાદ પાછાં ફરતાં સતી રામની પરીક્ષા કરે છે, અને શંકર પાસે ખોટું બોલે છે, શંકર સતીનાં એ શરીરનો ત્યાગ કરી સમાધિસ્થ થાય છે, દક્ષ યજ્ઞમાં પોતાનાં પતિનુ અપમાન સહન થયું નહીં, એટલે સતી યજ્ઞાગ્નિમાં પોતાને બાળીને ભસ્મ કરી દે છે, અને હિમાલયનાં ઘરે પાર્વતી તરીકે જન્મ લે છે, ત્યાં સુધીની કથા કરી ત્રીજા દિવસની કથાને વિરામ આપ્યો.

**સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### યુવાને પોતાના ઘરની બહાર મોબાઇલ ચાર્જમાં રાખ્યો, ઉપરના માળે રહેતાં પાડોશીને શંકા ઉપજી

# વિડીયો ઉતાર્યાની શંકાએ દંપતિની બેફામ ધોલાઇ

## મુંજકાના ટીટોડીયા ક્વાર્ટરમાં ઘટનાઃ ચાર પાડોશીએ મચાવી ધમાલ : મોચીનગરમાં છુટાછેડા લઇ ચુકેલી બ્યુટીશીયનને પુર્વ પતિએ ફરી પોતાની સાથે આવવાનું કહી દીધી ખૂનની ધમકી

રાજકોટ,તા.૧૭

બાકાઝીકીની ઘટનાઓ શહેરમાં રોજબરોજ ઠેકઠેકાણે બનતી રહે છે. વધુ એક કિસ્સામાં એક દંપતિની પાડોશીઓએ બેફામ ધોલાઇ કરી નાંખી હતી અને માથે જતાં મારી નાખવાની ધમકી પણ દીધી હતી. મુંજકા વિસ્તારમાં ટીટોડીયા ક્વાર્ટરમાં આ બનાવ બન્યો હતો. અહિ રહેતાં યુવાને પોતાના ઘરની બહાર હોલ્ડરમાં ચાર્જરમાં પોતાનો મોબાઇલ ફોન ચાર્જીંગ માટે મુક્યો હોઇ એ વખતે ઉપરના માળે રહેતાં ફર્નિચર કામના કારીગરે શંકા કરી તે આ મોબાઇલ ચાર્જીંગમાં નહિ પણ મારા ઘરનો વિડીયો ઉતારવા માટે મુક્યો છે તેમ કહી ઝઘડો કરી આ યુવાન તેમજ તેના પત્નિ સાથે ધમાલ મચાવી હતી. બાદમાં બીજા ત્રણ જણા સાથે મળી આ બંનેને બેફામ માર મારી લોહીલુહાણ કરી નાંખતા સારવાર માટે દાખલ થવાની નોબત આવી હતી.



વિગતો પર નજર કરીએ તો મુંજકા ટીટોડીયા ક્વાર્ટરમાં સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા પડોશમાં રહેતા શખ્સ અને તેના ત્રણ મિત્રોએ મળી એક દંપતી પર લાકડાના ધોકા વડે હીચકારો હુમલો કર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. મોબાઈલ ચાર્જિંગમાં રાખવા જેવી સામાન્ય બાબતે 'તું મારો વીડિયો ઉતારે છે' તેવી શંકા રાખી હુમલો કરાયો હતો. ઘટના બારામાં યુનિવર્સિટી પોલીસે મુંજકા ટીટોડીયા ક્વાર્ટરમાં રહેતાં છત્રીસ વર્ષના સોનલબેન જયેશભાઈ હડિયલની ફરિયાદ પરથી મયુરભાઇ, જીતુભાઇ, મુન્નાભાઇ અને ગોપાલભાઇ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. ફરિયાદ મુજબ ગુરૂવારની રાત્રે સાડા આઠ વાગ્યાની આસપાસ તેઓ અને તેમના પતિ જયેશભાઈ ઘરની બહાર હતા.

આ સમયે જયેશભાઈએ પોતાનો મોબાઈલ ઘરની બહાર ચાર્જિંગમાં મુક્યો હતો. જે બાબતે ઉપરના માળે રહેતા અને ફર્નિચરનું કામ કરતા મયુરભાઈએ વહેમ રાખી તમે મારો વીડિયો કેમ બનાવો છો? કહી ઝઘડો ચાલુ કર્યો હતો. જયેશભાઈએ સ્પષ્ટતા કરી હતી કે તેઓ કોઈ વીડિયો નથી ઉતારી રહ્યા. તેમ છતાં મયુરભાઈએ ગાળાગાળી કરી બોલાચાલી કરી હતી. આ ઝઘડા બાદ જયેશભાઈ ઘરે પરત ફર્યા હતા, પરંતુ થોડીવાર પછી જ્યારે તેઓ મિત્ર સાથે પાન-ફાકી ખાવા બહાર નીકળ્યા ત્યારે મયુરભાઈ, જીતુભાઈ, મુનાભાઈ અને ગોપાલભાઈએ તેમને રસ્તામાં જ આંતર્યા હતા. ચારેય શખ્સોએ બેફામ ગાળો આપી જયેશભાઈને નીચે પછાડી ઢીકાપાટુનો માર મારવાનું શરૂ કર્યું હતું.

આ દરમિયાન મયુરભાઈએ ફર્નિચર કામમાં વપરાતો લાકડાનો ધોકો ઉપાડી જયેશભાઈ પર હુમલો કર્યો હતો. પોતાના પતિને બચાવવા માટે સોનલબેન વચ્ચે પડતા હુમલાખોર મયુરભાઈએ સોનલબેનના મોઢા પર ધોકાનો ઝીંકી દીધો હતો. જેને કારણે તેમના હોઠના ભાગે ગંભીર ઈજા થઈ હતી અને લોહીલુહાણ હાલતમાં તેઓ ફસડાઈ પડ્યા હતા. જયેશભાઈને પણ માથાના ડાબી બાજુના ભાગે ધોકાનો ઘા વાગતા મુંઢ ઈજાઓ પહોંચી હતી. હુમલો કર્યા બાદ પણ હુમલાખોરોનો રોષ શાંત થયો નહોતો.

આ પછી સોનલબેન જ્યારે લોહીલુહાણ હાલતમાં પતિને ઘર તરફ લઈ જતા હતા ત્યારે મયુરભાઈએ જાહેરમાં ધમકી આપી હતી કે જો હવે પછી મારી સામે જોયું છે તો તને અને તારા પરિવારને જાનથી મારી નાખીશ. ઘટના બાદ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને કોઈએ ૧૦૮ ને જાણ કરતા એમ્બ્યુલન્સ મારફતે પતિ-પત્નિને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર સી. એન. દવેના માર્ગદર્શનમાં હેડકોન્સ. જી. એસ. ઝાલાએ ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

બીજી એક માથાકુટની ઘટના જોઇએ તો શહેરના મોચીનગર વિસ્તારમાં રહેતી અને ઘર સાથે જ બ્યુટી પાર્લર ચલાવતી એક મહિલાના ઘરે તેના પુર્વ પતિએ નંબર વગરની થાર ગાડી લઈને આવી, ગાળાગાળી કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ઘટના બનતાં પોલીસે કાર્યવાહી કરી હતી. ગાંધીગ્રામ પોલીસે શીતલ પાર્ક મોચીનગર-૨માં રહેમાન મસ્જીદની બાજુમાં રહેતાં અને ઘરે જ બ્યુટી પાર્લર ચલાવતાં અઠ્ઠાવીસ વર્ષના અફસાનાબેન હનીફભાઇ ચૌહાણની ફરિયાદ પરથી તેણીના પુર્વ પતિ અલ્તાફ બસીરભાઇ ખીયાણી વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી હતી.

તેણીએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેણીના પ્રથમ લગ્ન બાદ વર્ષ ૨૦૨૩માં છૂટાછેડા થયા હતા. ત્યારબાદ ગત પાંચમી ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ તેમણે અલ્તાફ બસીરભાઇ ખીયાણી કે જે પરસાણાનગરમાં રહે છે તેની સાથે લવ મેરેજ કર્યા હતા. પરંતુ આ લગ્ન જીવનમાં પણ અણબનાવ બનતા ઓગષ્ટ ૨૦૨૫માં જ બંનેએ કાયદેસર રીતે છૂટાછેડા લઈ લીધા હતા. દરમિયાન સાંજે અંદાજે પાંચેક વાગ્યે અલ્તાફ ખીયાણી કાળા કલરની નંબર વગરની થાર ફોર વ્હીલ ગાડી લઈને અફસાનાબેનના ઘરે પહોંચ્યો હતો. આથી અફસાનાબેનના પિતાએ તેને અહિ આવવાની ના પાડતાં અલ્તાફ ઉશ્કેરાઈ ગયો હતો અને બેફામ ગાળાગાળી કરવા લાગ્યો હતો. ત્યારબાદ અલ્તાફે ધમકી આપી હતી કે જો તું પાછી મારી સાથે નહીં રહે, તો હું તને અને તારા મા-બાપ અને તારા બાળકોને મારી નાખીશ.

આ સમયે અફસાનાબેનનો ભાઈ હૈદર પણ ત્યાં આવી પહોંચ્યો હતો અને મામલો શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. આ વખતે અલ્તાફ પોતે ફરી પાછો આવશે તેવી ધમકી આપી ગાળો દઇ ભાગી ગયો હતો. આ બનાવ બાદ ડરી ગયેલા અફસાનાબેન અને તેમના પરિવારજનો ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં પહોંચતા પીઆઇ એચ. પી. ગઢવીની રાહબરીમાં પીએસઆઇ ટી. ડી. જાડેજાએ અલ્તાફ બસીર ખીયાણી વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### રાજ્યભરમાં હાલી નીકળેલા કહેવાતા લેભાગુઓ સામેની ઝુંબેશ વધુ આકરી બની

# પત્રકારના ઓઠા તળે બ્લેકમેઇલીંગઃ એક ઝડપાયો

## અન્ય બેની શોધખોળઃ અગાઉ દારૂ વેંચતી મહિલાનો વિડીયો વાયરલ કરવાની ધમકી દઇ પડાવ્યા એક લાખઃ મહિલાએ અમુક રકમ આપી ધંધો બંધ કરી દીધો પછી પણ તોડ ચાલુ રાખતાં અંતે ફરિયાદ નોંધાવી

રાજકોટ,તા.૧૭

રાજ્યભરમાં ઠેકઠેકાણે કહેવાતા લેભાગુ તત્વો પત્રકાર મિડીયામેન કેમેરામેનના ગમે તેવા આઇકાર્ડ લટકાવીને નીકળી પડવાની જાણે ફેશન થઇ ગઇ હોય તેમ ઠેકઠેકાણે આવા કહેવાતા પત્રકારો હાલી નીકળ્યા છે. અમુક તો આવા આઇકાર્ડની આડમાં બ્લેકમેઇલ કરી તોડ કરી લેતાં હોય છે. આવા અનેક લેભાગુઓને પોલીસે પકડી જેલભેગા કર્યા છે. દરમિયાન એક કહેવાતા પત્રકારે મહિલા બુટલેગરનો વિડીયો વાયરલ કરવાની ધમકી દઇ એક લાખનો તોડ કરી લેતાં તેણીએ પોલીસ ફરિયાદ દાખલ કરાવાતાં આ કહેવાતા પત્રકાર સામે ગુનો નોંધી ધરપકડ કરી લેવાઇ છે. આ શખ્સ એક ન્યુઝ ચેનલનો પોતે પત્રકાર હોવાનું બીજા બે સાથી સાથે મળી બ્લેકમેઇલીંગ કરતો હતો.

વિગતો પર નજર કરીએ તો પાટનગર ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસ સ્ટેશનની હદમાં રકનપુર ગામની સીમમાં ઓરાઈ તળાવના કિનારે રહેતી વિધવા મહિલા બુટલેગરને દારૂ વેચવાના વીડિયોના આધારે બ્લેકમેલ કરી ત્રણ કથિત પત્રકારોની ગેંગ દ્વારા કુલ રૂ.૧,૦૫,૦૦૦નો તોડ કરી વધુ નાણા માટે સતત બ્લેકમેઈલિંગ કરવામાં આવતા આખરે પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ છે. આ મામલે પોલીસે જાગૃત ગુજરાત ન્યૂઝ ચેનલના પત્રકારની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર તોડકાંડ મામલે લક્ષ્મીબેન રવિભાઈ ચુનારાએ ફરિયાદમાં કરેલા દાવા મુજબ, તે અગાઉ પોતાનું અને ચાર નાના બાળકોનું



ગુજરાન ચલાવવા માટે દેશી દારૂ વેચવાની પ્રવૃત્તિ કરતી હતી.

દરમિયાન સંજય પાંડે, મિતાંશુ દરજી અને અંકિત વ્યાસ નામના ત્રણ શખસે પત્રકાર તરીકેની ઓળખ આપી મહિલાના રહેઠાણ પર ગયા હતા. આ દરમિયાન મિતાંશુ દરજીએ મહિલાનો દારૂની કોથળીઓ સાથેનો વીડિયો ઉતારી લીધો હતો અને ધમકી આપી હતી કે, જો દર મહિને રૂપિયા ચાલીસ હજાર નહીં મળે તો આ વીડિયો વાઇરલ કરી દેવામાં આવશે. આથી ધરપકડના ડરથી ગભરાઈ ગયેલી મહિલાએ તે જ દિવસે રૂ. ચાલીસ હજાર રોકડા આપી દીધા હતા. જેના થોડા દિવસો બાદ મિતાંશુ અને અંકિત અન્ય બે સાથીદારોને પત્રકાર તરીકે ઓળખાવી ફરી ગયા હતા અને વધુ નાણાંની માંગણી કરી હતી. એ વખતે મહિલાએ વીડિયો વાઇરલ ન થાય તે માટે ટુકડે-ટુકડે રૂ. ૨૫,૦૦૦ અને ત્યારબાદ રૂ.૧૫,૦૦૦ પણ ચૂકવ્યા હતા. વધુમાં મહિલાએ દાવો કર્યો છે કે, જાન્યુઆરી માસમાં મિતાંશુએ નાણાં માટે દબાણ કરતા પોતાના વેચેલા સોનાના દાગીનાના રૂપિયામાંથી પણ રૂ. ૨૦,૦૦૦ આપ્યા હતા. આ સિલસિલા પછી મહિલાના પતિનું અકસ્માતે અવસાન થતા તે અમદાવાદ રહેવા ગઈ હતી. છતાં આ ટોળકીએ ફોન પર ઉઘરાણી ચાલુ રાખી હતી, જેથી કંટાળીને ગત ૨૪ માર્ચના રોજ ઓનલાઇન રૂ.૫,૦૦૦ પણ ટ્રાન્સફર કર્યા હતા.

પરંતુ હવે મહિલાએ દારૂનો ધંધો બંધ કરી દીધો હોવાનો ફરિયાદમાં દાવો કરી ઉક્ત ટોળકી વીડિયોના આધારે તોડ કરવાના પ્રયાસો ચાલુ રાખતા હોવાથી સાંતેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ ઇન્સ્પેકટર એસ.આર. મૂછાલે વિગતો આપતાં જણાવ્યું હતુ.કે મહિલાની ફરિયાદના આધારે બીએનએસની કલમો હેઠળ ગુનો નોંધી જાગૃત ગુજરાત ન્યૂઝ ચેનલના પત્રકાર અંકિત મહેશકુમાર વ્યાસ કે જે નીકોલમાં રહે છે તેની ધરપકડ કરી લેવાઈ છે. આ શખ્સ સામે અગાઉ અમદાવાદમાં અગાઉ ચાર ગંભીર ગુના નોંધાયેલા છે. જ્યારે સંજય પાંડે અને મિતાંશુ દરજી સહિત અન્ય બે પત્રકારો પણ આ તોડકાંડમાં સામેલ છે. તેને પણ ટૂંકા ગાળામાં ધરપકડ કરીશું. આ ટોળકીએ અત્યાર સુધી કેટલા લોકોને બ્લેકમેલ કરી તોડ કર્યો એની વધુ તપાસ ચાલી રહી છે. અગાઉ પણ આવા કહેવાતા તોડબાજો સામે કાર્યવાહી થઇ હતી. ત્યાં હવે વધુ નવા ત્રણ તોડબાજોનો પર્દાફાશ થયો છે.

### ઝોમેટો બોયના મકાનમાં ૨૯,૭૦૦ની ચોરીઃ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ

# ચુડાસમા પ્લોટમાં પત્નિ દૂધ લેવા ગયા, પતિ સુતા હતાં ને ચોર પગલાં પાડી ગયા

રાજકોટ,તા.૧૭

શહેરના આમ્રપાલી વિસ્તાર પાસે આવેલ ચુડાસમા પ્લોટમાં એક ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. પ્રિન્સ ડ્રાઈવિંગ સ્કૂલની ઉપરના મકાનમાં રહેતા અને ઝોમેટોમાં ફૂડ ડિલિવરી બોય તરીકે ફરજ બજાવતા દિપકભાઈ કાનજીભાઈ પરમારના મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. જ્યારે પરિવારનો એક સભ્ય દૂધ લેવા ગયો અને બીજા સભ્ય ઊંઘમાં હતા, ત્યારે ગણતરીની મિનિટોમાં તસ્કરોએ કબાટમાંથી દાગીના અને રોકડ સેરવી લીધા હતા.



ઘટનાની વિગત મુજબ, ગત તા. ૦૨/૦૪/૨૦૨૬ના રોજ સાંજે સાડા પાંચેક વાગ્યે દિપકભાઈ ઘરે સૂતા હતા. આ દરમિયાન તેમના પત્ની હેતલબેન નજીકની ખોડિયાર ડેરીએ દૂધ લેવા ગયા હતા. પત્ની જ્યારે પરત ફર્યા ત્યારે રૂમનો નજારો જોઈ ચોંકી ગયા હતા. લોખંડના કબાટમાં રાખેલા કપડાં નીચે વેરવિખેર પડ્યા હતા અને કબાટના ખાનામાં તપાસ કરતા સોના-ચાંદીના દાગીના તથા રોકડ ગાયબ જણાયા હતા.

કુલ ૨૯,૭૦૦ની મતા ગાયબ જણાઈ હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, તસ્કરો કબાટમાંથી ૧૭ હજારની કિંમતની અડધા તોલાની સોનાની વીંટી, ૮ હજારની કિંમતની ૫ ચાંદીની વીંટીઓ અને ૩,૨૦૦ની કિંમતની એક લક્કી તથા ખાનામાં રાખેલા રૂ. ૧,૫૦૦ રોકડા ચોરી ગયા છે.

દિપકભાઈના જણાવ્યા મુજબ આ દાગીના તેમના સસરાએ લગ્નમાં ભેટ આપ્યા હતા, જેના કારણે તેની કોઈ બિલ નહોતા. ચોરીની આ ઘટના અંગે દિપકભાઈએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પી.એસ.આઈ. પી.બી. વારોતરીયાએ ગુનો નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ધોળા દિવસે ભરચક વિસ્તારમાં થયેલી આ ચોરીને પગલે પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવાની તજવીજ હાથ ધરી છે.

### જુદા જુદા નુસ્ખાઓનો ઉપયોગ કરી છેતરી લેતાં ગઠીયાઓ અટકતા જ નથી

# સસ્તુ ટૂર પેકેજ લેવા જતાં ડીરેક્ટર સાથે થયો દગો

## કહેવાતા ટૂર ઓપરેટર એજન્ટોએ રોકડા તો લઇ લીધા પણ પેકેજના નામે દીધો ઠેંગોઃ બીજી ઘટનામાં વૃધ્ધાને દિલ્હી ક્રાઇમ બ્રાંચના નામે ડીજીટલ એરેસ્ટ કરી પડાવાયા સવા પાંચ લાખ

રાજકોટ,તા.૧૭

વિદેશ મોકલવાના નામે વધુ એક ઠગાઇ થઇ છે. કોલેજના કેમ્પસ ડાયરેક્ટ સાથે ફ્રોડ થયું છે. તેમને દુબઇ જવું હોઇ ટૂર પેકેજ બૂક કરાવ્યું હતું. સસ્તા પેકેજના નામે બે કહેવાતા એજન્ટ તેને છેતરી ગયા હતાં. પેકેજના નામે નાણા લઇ દીધા બાદ ઠેંગો બતાવી દીધો હતો. બીજી તરફ એક વૃધ્ધાને ડીજીટલ એરેસ્ટ કરી સાયબર ગઠીયાઓએ લાખો પડાવ્યા છે.




પ્રથમ ઘટના જોઇએ તો વડોદરાના માંજલપુર વિસ્તારમાં રહેતા અને ડભોઈની કોલેજમાં કેમ્પસ ડાયરેક્ટર તરીકે ફરજ બજાવતા એક વ્યક્તિ સાથે દુબઈ પ્રવાસના બહાને રૂ. ૧.૩૨ લાખની ઠગાઈ થઈ હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કે.સી. હોલીડેઝ નામની ટ્રાવેલ એજન્સીના એજન્ટોએ નાણાં પડાવ્યા બાદ પ્રવાસની કોઈ વ્યવસ્થા ન કરી ફોન બંધ કરી દેતા આખરે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. માંજલપુરના ઓમકાર દર્શન લેટમાં રહેતા બેતાલીસ વર્ષીય ચિરાગકુમાર હસમુખભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ દાખલ કરાવી છે.

એક મિત્ર મારફતે તેમનો સંપર્ક કે. સી. હોલીડેઝ ટ્રાવેલ એજન્સી સાથે થયો હતો. એજન્સીના એજન્ટોએ તેમને દુબઈ માટે ૫ રાત અને ૬ દિવસના પેકેજની આકર્ષક ઓફર આપી હતી. પ્રતિ વ્યક્તિ રૂ. ૪૪ હજાર લેખે પરિવારના ત્રણ સભ્યો માટે કુલ રૂ. ૧.૩૨ લાખ ચૂકવવાનું નક્કી થયું હતું. શરૂઆતમાં ચિરાગકુમારે આંગડિયા મારફતે રકમ મોકલવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ વિશ્વાસમાં લીધા બાદ તેમણે ૩ મે, ૨૦૨૫ના રોજ વડોદરાથી આંગડિયા દ્વારા રૂ. ૧.૩૨ લાખ ટ્રાન્સફર કર્યા હતા. એજન્ટોએ ખાતરી આપી હતી કે એક અઠવાડિયામાં વિમાની ટિકિટ અને વિઝા સહિતની તમામ વિગતો મળી જશે. જોકે, નાણાં મળ્યા બાદ એજન્ટોએ દુબઈ મોકલવા માટેની કોઈ જ પ્રક્રિયા હાથ ધરી ન હતી. પરંતુ પ્રવાસની તારીખ નજીક આવતા જ્યારે ચિરાગકુમારે સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો ત્યારે બંને એજન્ટોના મોબાઈલ ફોન બંધ આવવા લાગ્યા હતા. વધુ તપાસ કરતા જાણવા મળ્યું કે આ ટ્રાવેલ એજન્સીએ અન્ય અનેક લોકો સાથે પણ આ પ્રકારે છેતરપિંડી આચરી છે. એજન્ટોએ પેકેજની વ્યવસ્થા ન કરી અને નાણાં પણ પરત ન આપતા અંતે ભોગ બનનાર ડાયરેક્ટરે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. માંજલપુર પોલીસે આ મામલે છેતરપિંડીનો ગુનો દાખલ કરી કે.સી. હોલીડેઝના બંને ફરાર એજન્ટોને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

બીજી ઘટનામાં અમદાવાદના વૃદ્ધ મહિલાને અજાણ્યા શખ્સે વિડીયો કોલ કરીને પોલીસના કપડા પહેરી દિલ્હી ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકેની ઓળખ આપી હતી. વૃદ્ધાને મની લોન્ડરિંગ કેસમાં તેમનું બેન્ક એકાઉન્ટ વપરાયું હોવાનું કહીને કેસમાંથી બચવા કોર્ટ ફી ભરવા જણાવ્યું હતું. એટલું જ નહીં ગઠિયાઓએ વૃદ્ધાના દીકરાઓને શૂટ કરી દેવાની પણ ધમકી આપી હતી. વૃદ્ધાએ ડરીને ૫.૩૧ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા છતાં વધુ પૈસાની માંગણી કરતા વૃદ્ધાના દીકરાને જાણ થઈ હતી. જેથી વૃદ્ધાએ આ અંગે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. વાડજ વિસ્તારમાં છોંતેર વર્ષીય વૃદ્ધ મહિલા એકલા રહે છે. ૧૫ માર્ચના રોજ મહિલાને વોટ્સએપ પર વિડીયો કોલ આવ્યો હતો. જેમાં સામેવાળા વ્યક્તિએ પોલીસની વર્ધી પહેરી હતી.

આ વ્યક્તિએ પોતાની ઓળખ મોહિત ગુપ્તા તરીકે અને દિલ્હી ક્રાઈમ બ્રાન્ચ અધિકારી તરીકેની આપી હતી. જે બાદ મહિલાને જણાવ્યું હતું કે તેમના આધાર કાર્ડથી ખોટું બેન્ક એકાઉન્ટ ખોલાવી બેન્ક એકાઉન્ટ મની લોન્ડરિંગ કેસમાં વપરાયું છે. અત્યારે આ કેસ કોર્ટમાં ચાલી રહ્યો છે અને આ કેસમાંથી બચવા તેમણે કોર્ટની ફી ભરવી પડશે. ગઠિયાએ વૃદ્ધા પાસેથી બેંકની વિગત અને તેમની પાસે રહેલા દાગીના અને સંપત્તિની વિગત મેળવી હતી. ગઠિયાએ વૃદ્ધાને કેસમાંથી બચવા માટે કોર્ટની ફી ભરવાનું કહેતા વૃદ્ધા બેંકમાં ગયા હતા અને ૫.૩૧ લાખ રૂપિયાની રકમ ગઠીયાએ આપેલા બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરી હતી. ત્યારબાદ કહ્યું હતું કે તમારો કેસ કોર્ટમાં ચાલે છે. તો બીજા પૈસા જમા કરો અને તમારા ઘરેણા વેચીને પણ પૈસા જમા કરો.

ત્યારબાદ વૃદ્ધાને ડરાવવા માટે ત્રણ નકલી લેટર અને સુપ્રીમ કોર્ટનો પણ નકલી લેટર મોકલ્યો હતો. વૃદ્ધાને સતત વિડીયો કોલ કરતો હતો અને બીજા પૈસા મંગાવતો હતો. આ દરમિયાન વૃદ્ધાનો દીકરો ઘરે આવ્યો ત્યારે તેણે વૃદ્ધાના ફોનમાં તપાસ કરી ત્યારે ફ્રોડ થાય છે જાણ થઈ હતી. વૃદ્ધાએ આ અંગે સાયબર ક્રાઈમમાં અજાણ્યા શખ્સ વિરુધ્ધ નોંધાવી હતી.

દારૂબંધીનો કડક અમલ કરાવવા સ્થાનીક પોલીસ, બ્રાંચ ઉપરાંત રેન્જ આઇજીની ટીમો સક્રિય

# સવા કરોડનો દારૂ કટીંગ થાય એ પહેલા ઝડપાયો

## રાજકોટ રેન્જ આઇજી નિર્લિપ્ત રાયની ટીમનો ચોટીલાના જાનીવડલા નજીક દરોડોઃ ભાણવડનો ટ્રકચાલક ઝડપાયોઃ માલ જેનો હતો તે ભાણવડના બૂટલેગર ચના સહિત ચારની શોધખોળ

રાજકોટ,તા.૧૭

આમ તો ગુજરાતમાં દારૂબંધી છે પરંતુ તેનો અમલ કેવો અને કેટલો થાય છે તેનાથી કોઇ અજાણ નથી. અહિ દારૂબંધી હોવા છતાં માંગો એટલો ગેરકાયદે દારૂ મળી રહે છે. પોલીસ આ બદ્દીને નાબુદ કરવા સતત કાર્યરત રહે છે. પરંતુ બહારના રાજ્યના બૂટલેગરો ગુજરાત-સૌરાષ્ટ્રના જે તે સ્થાનીક બૂટલેગરો સાથે મળી મોટી ચેઇન ચલાવી ગમે તેમ કરીને દારૂનો જથ્થો ઘુસાડી દઇ વેંચી મારતા હોય છે. અવાર-નવાર જે તે શહેર ગામની સ્થાનીક પોલીસ, એસએમસી કે પછી રેન્જ આઇજીની ટીમો દારૂનો મોટો જથ્થો પકડતી રહે છે. વધુ એક વખત રાજકોટ રેન્જ આઇજીની ટીમે સવા કરોડથી વધુનો દારૂ ભરેલો ટ્રક ઝડપી લેવામાં સફળતા મેળવી છે. હરીયાણાથી આવેલો આ દારૂ દેવભુમિ દ્વારકાના ભાણવડ ખાતે લઇ જવાનો હતો. પરંતુ એ પહેલા પકડાઇ ગયો હતો.







વિગતો પર નજર કરીએ તો દારૂબંધીના કડક અમલ વચ્ચે રાજકોટ રેન્જ આઇજીની ટીમે એક મોટી સફળતા મેળવી છે. રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પર ચોટીલા પાસે આવેલા જાનીવડલા અંડર પાસ નજીક આવેલી હોટલ પાસે વોચ રાખી રાજકોટ રેન્જ આઇજીની ટીમે ૧ કરોડ ૨૮ લાખનો દારૂ ભરેલા ટ્રક સાથે ભાણવડના શખ્સને પકડી લીધો છે. ભાણવડના બૂટલેગરે આ ટ્રકચાલકને બસ મારફત એમપી બોર્ડર ખાતે મોકલ્યો હતો. ત્યાંથી આ શખ્સ દારૂ ભરેલો ટ્રક લઇ ભાણવડ જવા રવાના થયો હતો. પરંતુ ચોટીલા પાસે તે ઝડપાઇ ગયો હતો. દારૂ મંગાવનાર ભાણવડના બૂટલેગર તેમજ મોકલનારા સહિતની શોધખોળ હાથ ધરવામાં આવી છે. પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર રેન્જ આઇજીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમીના આધારે જાનીવડલા નજીક વોચ ગોઠવી એક ટ્રકને આંતરી લીધો હતો. જેમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

આ દરોડામાં દારૂ, ટ્રક સહિત કુલ ૧,૪૬,૫૯,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ટ્રક ચાલક શાહિદ જુસબભાઈ હિંગોરાને ઝડપી લઇ આગળની કાર્યવાહી માટે ચોટીલા પોલીસ સ્ટેશનને સોંપ્યો છે. શાહિદ ભાણવડનો રહેવાસી છે. પોલીસ દરોડા દરમિયાન ટ્રકની તલાશી લેતા તેમાંથી અલગ-અલગ બ્રાન્ડનો કુલ ૧૦,૭૪૦ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેની બજાર કિંમત આશરે રૂપિયા ૧,૨૮,૮૮,૦૦૦ જેટલી થાય છે. પોલીસે આ ગુનામાં આશરે ૧૫ લાખની કિંમતનું વાહન અને ૨૦ હજારની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧.૪૬ કરોડથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલા ટ્રક ચાલક શાહિદની પ્રાથમિક પુછતાછમાં બહાર આવ્યું હતું કે તેને આ દારૂનો ટ્રક લેવા માટે ભાણવડના બૂટલેગર ચના દેવાભાઇ રબારીએ મોકલ્યો હતો.

શાહિદ ખાનગી બસ મારફત મધ્યપ્રદેશની બોર્ડર ખાતે મોકલ્યો હતો. પોતે ત્યાં પહોંચ્યો ત્યારે હરિયાણાનો શખ્સ દારૂ ભરેલો ટ્રક આપી ગયો હતો. પોતે આ ટ્રક લઇ ભાણવડ જવા રવાના થયો હતો. પકડાયેલો દારૂ ચંદીગઢની ક્વીન બોટલર્સ પ્રાઈવેટ લિમિટેડ ડિસ્ટિલરીમાં બનેલો છે, જેમાં અંકલ ટોમ પ્યોર ગ્રેન વોડકા અને ગ્રીન એપલ વોડકા જેવી બ્રાન્ડનો સમાવેશ થાય છે. આ ગુનામાં પોલીસે અન્ય ૪ શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે. જેમાં દારૂ મંગાવનાર ચના દેવાભાઈ રબારી (રહે. રણપર, ભાણવડ), દારૂ સપ્લાય કરનાર અજાણ્યો ટ્રક હેન્ડલર, માલ પૂરો પાડનાર અજાણ્યો સ્ટોકિસ્ટ અને ટ્રકના માલિકનો સમાવેશ થાય છે. રાજકોટ રેન્જ આઇજી નિર્લિપ્ત રાયની સુચના અંતર્ગત પીઆઇ રોહન બારના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ ભાનુભાઇ સી. મિયાત્રા અને તેમની ટીમ દ્વારા આ દરોડો પાડવામાં આવ્યો હતો. હાઈવે પર આટલી મોટી માત્રામાં દારૂ ઝડપાતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસે હવે આ નેટવર્કના મુળ સુધી પહોંચવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલા લોધીકાના માખાવડમાં ફાર્મ હાઉસમાંથી લાખોનો દારૂ ઝડપાતાં રેન્જ આઇજી નિર્લિપ્ત રાયએ લોધીકાના પીઆઇ સહિત છ પોલીસ કર્મચારીઓને ગઇકાલે સસ્પેન્ડ કરી દીધા હતાં. ત્યાં હવે ભાણવડ પહોંચે એ પહેલા રેન્જ આઇજીની ટીમે ચોટીલા પાસે હાઇવે પરથી સવા કરોડથી વધુનો દારૂ ભરેલો ટ્રક ઝડપી લીધો છે. સુત્રોના કહેવા મુજબ દારૂનો જથ્થો જેણે મંગાવ્યો હતો તે ભાણવડનો ચનો મોટા બૂટલેગરની છાપ ધરાવે છે. આ દારૂ ભાણવડ જ લઇ જવાનો હતો કે પછી ચનાના કહેવાથી રાજકોટમાં કોઇને આપવાનો હતો? તેની પણ તપાસ ચોટીલા પોલીસ કરશે.

ઘણીવાર લોકો અંગત માથાકુટમાં ભાન ભુલી આચરી બેસે છે ગંભીર ગુનો

# ભાભીને પાઠ ભણાવવા ભત્રીજાનું કાકાએ કર્યુ અપહરણ

રાજકોટ,તા.૧૭

ઘણીવાર લોકો અંગત રાગદ્વેષને કારણે બાળકોને નિશાન બનાવતા હોય છે. આવી જ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં એક શખ્સે પોતાના ભાઇની પત્નિને પાઠ ભણાવવા માટે થઇને આઠ વર્ષના સગા ભત્રીજાનું અપહરણ કરી લીધુ હતું. વાત પોલીસ સુધી પહોંચતા પોલીસની ટીમો હરકતમાં આવી ગઇ હતી અને અપહરણકાર કાકો માસુમ ભત્રીજાને વધુ કોઇ નુકસાન પહોંચાડે એ પહેલા તેને દબોચી લઇ બાળકને હેમખેમ છોડાવી લીધો હતો. બીજી એક ઘટનામાં સાળીની પુત્રીની સગાઇ મામલે ઝઘડો થતાં જમાઇએ સાસુ પર કેરોસીન છાંટી તેણીને સળગવી દેતાં ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. વિગતો પર નજર કરીએ તો સુરતના અડાજણ વિસ્તારમાં ગત બુધવારે સાંજે બનેલી અપહરણની સનસનીખેજ ઘટનામાં મોટો ખુલાસો થયો છે. પોલીસે ગણતરીના કલાકોમાં માસૂમ યક્ષને હેમખેમ છોડાવી લીધો છે. ચોંકાવનારી વિગત એ છે કે, આ અપહરણ પાછળ કોઈ ગેંગ નહીં પરંતુ બાળકના સગા કાકાએ જ કૌટુંબિક અદાવતમાં પોતાની ભાભીને પાઠ ભણાવવા આ કાવતરું ઘડ્યું હતું. પંદરમીના રોજ સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં યક્ષ જ્યારે સોસાયટીના ગાર્ડનમાં રમી રહ્યો હતો, ત્યારે એક કાર ચાલક તેને લલચાવી-ફોસલાવીને કારમાં બેસાડી ફરાર થઈ ગયો હતો. પરિવારે શોધખોળ બાદ અડાજણ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસ એક્શન મોડમાં આવી હતી.



**તે બાળકને વધુ નુકસાન પહોંચાડે એ પહેલા પોલીસે હેમખેમ છોડાવ્યોઃ બીજી ઘટનામાં સાળીની પુત્રીની સગાઇના ડખ્ખામાં જમાઇએ સાસુને જીવતા સળગાવ્યાઃ હાલત ગંભીર**

આ મામલે શરૂ થયેલી પોલીસ તપાસમાં બહાર આવ્યું કે આ ગુના પાછળ ઘરનો જ સભ્ય જવાબદાર હતો. આરોપી કાકાની પત્ની તેને છોડીને જતી રહી હતી. તેને શંકા હતી કે આ પારિવારિક વિખવાદ પાછળ તેની ભાભી જવાબદાર છે. ભાભી પર દબાણ લાવવા અને તેમને માનસિક ત્રાસ આપવા માટે કાકાએ પોતાના જ માસૂમ ભત્રીજાને હથિયાર બનાવી તેનું અપહરણ કર્યું હતું. અગાઉ બાળકના પિતા પણ બ્લેકમેલિંગના વિવાદમાં ફસાઈ ચૂક્યા છે, જે દર્શાવે છે કે પરિવારમાં લાંબા સમયથી ખટરાગ ચાલતો હતો. સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી પોલીસે શંકાના આધારે કાકાની પૂછપરછ કરતા સમગ્ર ભાંડો ફૂટી ગયો હતો. પોલીસે બાળકને હેમખેમ છોડાવી રાત્રે જ તેની માતા સાથે મિલન કરાવ્યું હતું. અડાજણ પોલીસે આરોપી કાકાની અટકાયત કરી કાયદાનું ભાન કરાવ્યું છે. બીજી એક પારીવારીક માથાકુટની ઘટના જોઇએ તો સુરતમાં સાળીની દીકરીની સગાઈના મામલે જમાઈએ સાસુ સાથે બોલાચાલી કરી જીવતી સળગાવી દીધી છે. સાસુને હોસ્પિટલ લઇ જવાતા તેની હાલત નાજુક છે. પાંડેસરા પોલીસે જમાઈ મનોહર મહાજન સામે ગુનો દાખલ કર્યો છે. પાંડેસરા શ્રીરામ નગરમાં રહેતી પાંસઠ વર્ષીય રત્નાબેન સોનવણે સવારે ઘરના ઓટલા પર બેઠા હતા તે સમયે મોટા જમાઈ મનોહર મહાજને ત્યાં આવી સાસુ સાથે બોલાચાલી કરી હતી. પછી અચાનક મનોહરે પ્લાસ્ટીકની બોટલમાંથી કેરોસીન સાસુ પર છાંટી આગ ચાંપી દીધી છે. ગંભીર રીતે દાઝેલા માતાને દીકરી હોસ્પિટલમાં ખસેડી છે. પોલીસે જણાવ્યું કે સાળીની દીકરીની સગાઈ બાબતે જમાઈ મનોહરે ત્યાં આવી સાસુ સાથે માથાકૂટ કરી હતી. જમાઈ સાળીની દીકરીની સગાઈ તેના સંગા-સંબધીમાં કરાવવા માંગતા હતા. જ્યારે પરિવારજનોએ બીજી જગ્યાએ સગાઈ કરી નાખી હતી. આ કારણે જમાઇએ ખાર રાખી ઘટનાને અંજામ આપ્યો હતો. પોલીસે હત્યાની કોશિષનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

# રૈયા ચોકડી પાસેથી એસઓજીએ બે બાંગ્લાદેશી મહિલાને પકડી

## પ્રાથમિક પુછતાછ બાદ ઉચ્ચ એજન્સીઓને જાણ કરવામાં આવીઃ બંનેને તેના દેશમાં મોકલવા તજવીજ થશે

રાજકોટ,તા.૧૭

સ્પેશીયલ ઓપરેશન ગ્રુપની ટીમે વધુ એક વખત બે બાંગ્લાદેશી નાગરીકને શોધી કાઢી જરૂરી કાર્યવાહી કરી હતી. શહેરમાં અવાર-નવાર સ્પેશીયલ ઓપરેશન ગ્રુપ-એસઓજી દ્વારા ખાસ ઝુંબેશના ભાગ રૂપે ગેરકાયદેસર રીતે વસવાટ કરતાં હોય તેવા બહારના દેશના તત્વોને શોધી કાઢવાની કાર્યવાહી હાથ ધરવામાં આવતી હોય છે. જેમાં બાંગલાદેશના ગેરકાયદે વસાહતીઓ મળી આવતાં તેને ડીપોર્ટ કરવાની કાર્યવાહી કરવામાં આવતી હોય છે.

આવી વધુ બે બાંગ્લાદેશી મહિલા રાજકોટ શહેરમાંથી મળી આવતાં નિયમ અનુસાર જે તે સંબંધીત એજન્સીઓને જાણ કરી આ બંને મહિલાને તેના વતન પરત મોકલવા માટેની આગળની કાર્યવાહી હાથ ધરાઇ હતી. જાણવા મળ્યા મુજબ શહેરમાં ગેરકાયદેસર રીતે પાડોશી દેશ કે બીજા દેશના કોઇ નાગરીકો વસવાટ કરતાં હોય તો શોધી કાઢવાની સુચના પોલીસ કમિશનર બ્રજેશકુમા ઝા, જેસીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયા દ્વારા મળી હોઇ એસઓજીના ઇન્સ. સંજયસિંહ એમ. જાડેજા, પીએસઆઇ વી. એમ. જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો એ દરમિયાન ટીમને માહિતી મળતાં રૈયા ચોકડી પાસેથી બે મહિલાને સકંજામાં લીધી હતી. એસઓજીની આ ટીમ સાથે મહિલા પોલીસ કર્મચારી પણ હતાં.

બંને મહિલા બાંગ્લાદેશની હોવાની માહિતી હોઇ તેની પુછતાછ કરવામાં આવતાં અને રહેણાક સહિતના આધારપુરાવા માંગવામાં આવતાં પોતે બાંગ્લાદેશની વતની હોવાનું અને મજુરી કરવા ગેરકાયદેસર રીતે અહિ આવ્યાનું રટણ કર્યુ હતું. એસઓજીની ટીમે નિયમાનુસાર જરૂરી કાર્યવાહી કરી જે તે એજન્સીઓને જાણ કરી હતી. સામાન્ય રીતે આવા કિસ્સામાં જે તે ઘુષણખોરનો ઇરાદો ગુનાહિત ન હોય તો તેને ડીપોર્ટ કરવાની કાર્યવાહી થતી હોય છે. એટલે કે જરૂરી કાર્યવાહી બાદ તેને તેના દેશમાં પરત મોકલી દેવામાં આવે છે. આ મહિલાઓની વિશેષ પુછતાછ બાદ જે તે એજન્સી દ્વારા તેને તેના દેશમાં પરત મોકલવાની કાર્યવાહી કરવામાં આવશે. પ્રાથમિક પુછતાછમાં આ મહિલાઓની કોઇ શંકાસ્પદ પ્રવૃતિ નજરે ચડી નથી.

આ રાજકોટ છે અહિ કોણ ક્યારે કોના પર તૂટી પડે તે કહી શકાતું નથીઃ સરાજાહેર બટાઝટી

# ગાડી સાઈડમાં રાખવાનું કહી વેપારીની ધોલાઇ

## મક્કમ ચોકમાં સિગ્નલ પર ઉભેલા યુવાનની કારમાં ઢીકા મારી સાઇડમાં લેવાનું કહ્યુંઃ યુવાન કાર લઇ રવાના થતાં બે બાઇકસવારે પીછો કર્યો અને ભાગીશ તો વધુ મારશું એવી ધમકી દઇ કાર આંતરીઃ બોટલ-ગડદા-પાટાથી માર માર્યો અને ધમકી પણ દીધીઃ ભક્તિનગર પોલીસે દાખલ કરી એફઆઇઆર :સરાજાહેર બાકાઝીકીની બીજી ઘટનામાં બાલાજી મંદિર પાસે સસરા-જમાઇ વચ્ચે પાણકા-છરીથી બબાલ

રાજકોટ,તા.૧૭

શાંત અને સલામત શહેર ગણાતાં રંગીલા મોજીલા રાજકોટ શહેરમાં ગમે ત્યારે અમુક તત્વો કાયદાની ઐસી તૈસી કરી નાંખી ગુંડાગીરી પર ઉતરી આવે છે. આવી વધુ એક ઘટના બની છે. જેમાં ગોંડલ રોડ મક્કમ ચોકમાં ટ્રાફિક સિગ્નલ પર કાર લઇને ઉભેલા વેપારી યુવાનના કારના કાચ પર બાઇક પર આવેલા બે શખ્સોએ ઢીકા મારી ગાડી સાઇડમાં રાખવાનું કહી બાદમાં બખેડો કર્યો હતો. યુવાન માથાકુટથી બચવા કાર લઇ રવાના થતાં આ બંનેએ પીછો કરી જો ભાગીશ તો વધુ માર ખાઇશ તેવી ધમકી આપી કાર આંતરીને ફરીથી કાચની બોટલ, ગદડા પાટુનો માર માર્યો હતો અને ખૂનની ધમકી આપી હતી.

વિગતો પર નજર કરીએ તો મક્કમ ચોક પાસે સિગ્નલ પર ભેલી ફોર વ્હીલ ગાડીના કાચ પર ઢીકા મારી, ગાડી સાઈડમાં રાખવાનું કહી ઝઘડો કરતાં કારચાલક યુવા વેપારી કાર યુ-ટર્ન લઇ રવાના થતાં બંને શખ્સે ફિલ્મી ઢબે પીછો કરીને કાર આંતરી કાચની બોટલ વડે હુમલો કરી ઢીકાપાટુ મારી ધમકી પણ આપતાં ચકચાર જાગી છે. આ હુમલામાં ઈજાગ્રસ્ત વેપારી યુવાનને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં પોલીસે કાર્યવાહી કરી છે. ભક્તિનગર પોલીસે મુળ સુરેન્દ્રનગરના મુળી તાબેના કણમાડ ગામના અને હાલ ભાવનગર હાઈવે પર રઘુનંદન સોસાયટી શેરી નં. ૨ બ્લોક નં. ૧૧માં રહી ક્રિકેટ રમવાના ટેનીસના દડાનો જથ્થાબંધમાં વેપાર કરતાં પચ્ચીસ વર્ષના અનિરૂધ્ધભાઇ જોરૂભા કરપડાની ફરિયાદ પરથી બાઇક પર ડબલ સવારીમાં આવેલા બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી.

આ ઘટનાની ફરિયાદ મુજબ અનિરૂધ્ધભાઇ પોતાની એક્સયુવી કાર નં. જીજે૩૩બી-૫૫૦૧ લઈને વાળ કપાવવા સાધુ વાસવાણી રોડ તરફ જઈ રહ્યા હતા. સવારે આશરે દસેક વાગ્યે જ્યારે તેઓ મક્કમ ચોક પાસે સિગ્નલ બંધ હોવાથી ઉભા હતા, ત્યારે નંબર પ્લેટ વગરના સ્પ્લેન્ડર બાઈક પર બે અજાણ્યા શખ્સો આવ્યા હતા. બાઈક સવારે ગાડીના કાચ પર ઢીકો મારતાં તેણે ગાડીનો કાચ થોડો ખોલતાં એ શખ્સે ગાડી સાઈડમાં લેવા જણાવ્યું હતું. અનિરૂધ્ધભાઈ ગાડી સાઈડમાં લેતા હતા ત્યારે બાઈક પાછળ બેઠેલા શખ્સે ગાડીનો દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો હતો.આથી અનિરૂધ્ધભાઈને અજુગતું લાગતા તેમણે ગાડી યુ-ટર્ન મારી પોતાના ઘર તરફ ભગાવી હતી



પરંતુ આ બંને અજાણ્યા શખ્સોને જાણે માથાકુટ જ કરવી હોય કે પછી બીજુ કારણ હોય તેમ કારનો પીછો છોડ્યો ન હતો. રસ્તામાં ચાલુ બાઈકે ગાળો આપી તુ જેમ ભાગીશ તેમ તને વધુ મારીશું તેવી ધમકીઓ આપી હતી. અનિરૂધ્ધભાઈએ ચાલુ ગાડીએ પોતાના મિત્ર અમરદીપને ફોન કરી જાણ કરી હતી. જ્યારે ગાડી રઘુનંદન સોસાયટી પાછળ પહોંચી ત્યારે આ બંને શખ્સોએ ગાડીને આંતરી હતી. બાદમાં બાઈક પાછળ બેઠેલા શખ્સે ગાડી પર પથ્થરમારો કર્યો હતો અને અનિરૂધ્ધભાઈને ઢીકાપાટુનો માર માર્યો હતો. આ ઉપરાંત બંને શખ્સે ત્યાં પડેલી કાચની ખાલી બોટલ ઉપાડી અનિરૂધ્ધભાઈના જમણા હાથની હથેળીના ભાગે જોરદાર ઘા ઝીંકી દીધો હતો.

આ હુમલાને કારણે પુષ્કળ લોહી નીકળતા અને ચક્કર આવતા તે નીચે ઢળી પડ્યા હતાં. આ વખતે બંને શખ્સ ભાગી ગયા હતાં. ઘટનાની જાણ થતા જ મિત્રો અમરદીપસિંહ, અમિતભાઈ અને સંદીપભાઈ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા અને લોહીલુહાણ હાલતમાં અનિરૂધ્ધભાઇને ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ભક્તિનગર પોલીસ મથકના પોલીસ ઇન્સપેક્ટર જે. ડી. પરમારની રાહબરીમાં એએસઆઇ એચ.કે. ડાંગરે અજાણ્યા પચ્ચીસથી છવ્વીસ વર્ષની વયના આ બે અજાણ્યા હુમલાખોરો સામે એફઆઇઆર દાખલ કરી બંનેને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે. સરાજાહેર ટ્રાફિક સિગ્નલ પર બોલી ગયેલી બટાઝટીની આ ઘટનાને પગલે બીજા વાહનચાલકોમાં પણ ફફડાટ ફેલાઇ ગયો હતો.

મારામારીની અન્ય એક ઘટના કરણસિંહજી બાલાજી મંદિર બહાર ફૂટપાથ પાસે બની હતી. જેમાં ગોંડલના ભુણાવા ગામે રહેતાં યુવાનની પત્નિ માથાકુટ થતાં રિસાઇને બાળકોને લઇને રાજકોટ આવી ગઇ હોઇ અને હાલ કરણસિંહજી બાલાજી મંદિરની ફૂટપાથ પાસે રહી ભિક્ષાવૃતિ કરતી હોઇે આ યુવાન પત્નિ, બાળકોને મળવા આવતાં અહિ તેને સસરા સાથે માથાકુટ થતાં એક બીજા પર પાણકા-છરીથી હુમલો થતાં બંનેને ઇજા થઇ હતી. જેમાં સસરાનો હાથ ભાંગી ગયો હતો. ભુણાવા રહેતાં રઘુભાઇ બચુભાઇ પરમાર-દેવીપૂજક નામના ત્રેસઠ વર્ષના વૃધ્ધ બાલાજી મંદિર નજીક પોતાની દિકરી શિતલ ઉર્ફે બાવલી અને તેણીના બાળકો સાથે બેઠા હતાં ત્યારે ભુણાવાથી તેનો જમાઇ સંજય આવ્યો હતો.

જમાઇએ ઝઘડો કરી ગાળો દઇ પાણકાથી હુમલો કરતાં રઘુભાઇના હાથમાં ગંભીર ઇજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતા. તેણે આક્ષેપ કર્યો હતો કે મારી દિકરી શિતલને તેનો પતિ સંજય મારકુટ કરતો હોઇ દિકરી શિતલ બાળકોને લઇ મારી પાસે આવી ગઇ હતી. તે બાલાજી મંદિર પાસે ભિક્ષાવૃતિ કરે છે. સાંજે જમાઇ અચાનક ભુણાવાથી આવ્યો હતો અને ઝઘડો કરી મારામારી કરી હતી. દિકરીને બચાવવા હું વચ્ચે પડતાં મને પાણકો મારી દેતાં હાથ ભાંગી ગયો હતો. સામા પક્ષે સત્યાવીસ વર્ષનો સંજય ભીમાભાઇ મકવાણા પણ પોતાને સસરા રઘુભાઇએ કરણસિંહજી બાલાજી મંદિર પાસે છરીથી ઇજા કર્યાની ફરિયાદ સાથે સારવાર માટે દાખલ થયો હતો. સંજયના કહેવા મુજબ પોતે પત્નિ, બાળકોને મળવા આવતાં સસરાએ માથાકુટ કરી હુમલો કર્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે એ-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. આમ વધુ એક ઘટનામાં સરાજાહેર બાકાઝીકી બોલી ગઇ હતી.

લેભાગુઓ કોઈપણ રીતે કોઈને પણ ફસાવે છે ઠગાઈની જાળમાં

# પૂજારીને ભોળવી ટોળકીએ પડાવ્યા ૨૧ લાખ

## અલગ અલગ બહાને રોકડ, દાગીના, કાર, ચેઈન લઈ ગયાઃ વસ્તુ પાછી માંગતા ખૂનની ધમકી અપાઈઃ અંતે પાંચેય વિરૂધ્ધ દાખલ કરાવી એફઆઈઆર :અન્ય એક ઘટનામાં યુવાનના ગળે છરી મુકી રોકડ-ટુવ્હીલરની લૂંટ

રાજકોટ,તા.૧૭

લેભાગુ ગઠીયાઓ ગમે તેમ કરીને ગમે તેને પોતાની જાળમાં ફસાવી ઠગાઈ કરી લેવામાં પાવરધા હોય છે. આવા શખ્સો ગામના ગરીયા કરી નાખવામાં જરાય પણ પાછળ રહેતાં નથી. પાંચ જણાએ સાથે મળીને કોઈ નહિ તો એક પૂજારીને નવડાવી નાંખ્યા છે. તેમને અલગ અલગ બહાના તળે છેતરીને એકવીસ લાખની માલમત્તા ખાઈ ગયા છે. પૂજારીને જ્યારે પોતાની સાથે ઠગાઈ થયાની ખબર પડી ત્યારે પોલીસને જાણ કરી હતી. પોલીસે પાંચેય ગઠીયા સામે કાર્યવાહી કરી હાથ ધરી છે. કાર અને ચેઈન પડાવી લેનારે તો માથે જતાં પૂજારીને મારી નાખવાની ધમકી પણ દીધી હતી.

વિગતો પર નજર કરીએ તો નડીયાદના વસોની આ ઘટના છે. અહિના પીજના અલખના ઓટલા આશ્રમના મહિલા પૂજારી સાથે પાંચ શખ્સોએ ઠગાઈ કરી હતી. જેમાં એક શખ્સે પ્લાન્ટમાં પૈસાની જરૂરિયાત હોવાનું પંદર લાખ, મોબાઈલ અને લગ્ન પ્રસંગમાં પહેરવા સોનાની એક તોલા ચેન લીધી હતી ત્યારે બીજા શખ્સે કંપનીમાં ભાડે કાર મુકવાનું કહી બે કાર મળી કુલ ૨૧.૪૪ લાખની ઠગાઈ કરી હતી. વસોના પીજ ગામની સીમમાં આવેલા અલખના ઓટલા આશ્રમમાં ગંગાબેન રાવ સેવાપૂજા કરે છે. ચાર માસ અગાઉ પરીચીતે આપેલ નંબર આધારે ભરત ભરવાડ અને કૃપાલ ગોહીલને મકાન ભાડે લેવાનું હોવાથી પરિચય થયો હતો જો કે કોઈ સારૂ મકાન ન મળે ત્યાં બંને આશ્રમમાં રહ્યા હતા.

આ પછી ભરતે કહ્યું હતું કે મેં અને કૃપાલે ડભાણ નજીક પ્લાન્ટ માટે ૧૫ લાખની જરૂર હોવાનું કહ્યું હતુ.જે બાદ ભરત તેનો દિકરો જયંત,મનોજ ટુકડે કરી પંદર લાખ લીધા હતા. ત્યારબાદ નવમી ફેબ્રુઆરીએ મહિલાએ લોન લઈ એક લાખ નેવ્યાસી હજારનો મોબાઈલ લેતા ભરતે જે જોવા લઈ ઘરે લઈ ગયા હતા. ત્યારબાદ કૃપાલે મહિલાની બે




કાર કંપનીમાં ભાડે આપો તો મહિનાનું ભાડું ચૂકવી આપવાનો વાયદો કરી લઈ ગયા હતા.

આ રીતે ભરત,તેનો દિકરો જયંત, મનોજે મહિલા પાસેથી ટુકડે કરી ૧૫ લાખ, મોબાઈલ અને લગ્નમાં પહેરવા સોનાનો ચેન ૧.૩૫ લાખ તેમજ કૃપાલ બે કાર મળી કુલ ૨૧.૪૪ લાખની મત્તા લઈ જઈ પરત ન આપી ઠગાઈ કરી હતી. આ પછી મહિલાએ ભરતને ફોન કરી પૈસા, મોબાઈલ અને ચેન પરત માંગતા પૈસા પરત નહીં મળે,હવે પછી મને ફોન નહી કરતા મે ભૂતકાળમાં ખૂન પણ કરેલ છે,હવે પછી મારી પાસે કોઈ પૈસા માંગશો આશ્રમ સળગાવી દેવાની અને તેના પત્નિએ મહિલાના ફોટા અને વિડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી.

અંતે પૂજારીએ આ બનાવ અંગે ગંગાબેન રાવે વસો પોલીસ મથકે ભરત ભવાનભાઈ ભરવાડ રહે. ધોળકા, કૃપાલ પ્રવિણસિંહ ગોહિલ રહે રાજકોટ, જયંત ભવાનભાઈ ભરવાડ, મનોજ ભવાનભાઈ ભરવાડ અને વિલાશબેન ભરતભાઈ ભરવાડ વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરાવતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

અન્ય એક બનાવમાં લૂંટારા લૂંટ ચલાવી ગયા હતાં. વટવામાં પોલીસ ચોકી પાસે આવેલા ઈન્સાનિયતનગર પાસે રાતના સમયે એક્સેસ લઈને જતા યુવકના ગળા ઉપર છરી મૂકીને કુખ્યાત સાળા બનેવીએ ધાક ધમકી આપીને એક્સેસ અને રોકડા રૂપિયા ૨૬૦૦ની લૂંટ ચલાવીને ભાગી ગયા હતા. આ બનાવ અંગે વટવા પોલીસે લૂંટનો ગુનો નોંધીને ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી હતી. રામોલમાં રહેતા ફિરોજએ વટવા પોલીસ સ્ટેશનમાં વટવાના કુખ્યાત અને ગુનાઈત ઈતિહાસ ધરાવતા સાળા બનેવી સાકીર તથા શાહરુખ સામે ફરિયાદ નોંધાવી છે કે યુવક તા.૧૦-૦૪-૨૬ના રોજ રાતે કામધંધેથી એક્સેસ પર ઘરે જવા નીકળ્યો હતો.

આ વખતે વટવા ઈન્સાનીયતનગર ચાર માળિયા પાસેથી પસાર થતો હતો ત્યારે સમયે ટપોરી સાળા બનેવીએ નશામાં ચૂર થઈને યુવકને રોક્યો અને ફિલ્મી સ્ટાઈલમાં ડાયલોગ મારી છરી બતાવીને તેરે જેબ મેં જીતના ભી પૈસા હે નિકાલ કે દે કહીને ડરાવ્યો હતો. જેથી યુવક ગભરાઈ જતાં તેના ખિસ્સામાંથી રૂપિયા કાઢવા જતા માત્ર રૂા. ૨૬૫૦ જ મળ્યા હતા. જેથી ફિલ્મી સ્ટાઈલમાં ડાયલોગ કહીને એ કડકે કે પાસ રૂાપીએ નહી હે તો ગાડી લૂંટ લેતે હૈ આમ કહીને યુવકના ગળા ઉપર છરી મુકીને મોપેડ લૂંટીને પોલીસને જાણ કરીશ તો મારી નાખવાની ધમકી આપીને નાસી ગયા હતા. પોલીસે ફિલ્મી સ્ટાઈલે લૂંટ કરી ભાગી ગયેલા લૂંટારાઓને શોધવા તપાસ હાથ ધરી હતી.

હુમલાખોરના માતા-પિતાની શ્રમિક પરિવારને ધમકી

# જો સમાધાન નહીં કરો તો દીકરો ખોઈ બેસશો!



મવડી પ્રિયદર્શન સોસાયટીના જગદીશભાઈ ટીંબલિયાની ફરિયાદઃ જૂની અદાવતમાં પુત્ર પર થયેલા હુમલા બાદ હવે સમાધાન માટે આરોપીના પરિવાર દ્વારા દબાણ

રાજકોટ,તા.૧૭

શહેરના મવડી ૪૦ ફૂટ રોડ પર રહેતા એક શ્રમિક પરિવારના સભ્યને અગાઉ તેમના પુત્ર પર થયેલા હુમલાની ફરિયાદ પાછી ખેંચી લેવા માટે આરોપીના માતા-પિતાએ જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલે રાજકોટ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી છે.

શહેરની પ્રિયદર્શન સોસાયટીમાં રહેતા અને મજૂરી કામ કરતા જગદીશભાઈ ગોરધનભાઈ ટીંબલીયાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ૨૪ માર્ચના રોજ તેમના ૧૭ વર્ષના પુત્ર દીક્ષિત પર તેના જ મિત્ર જામ્બો ઉર્ફે આનંદે જૂની અદાવતનો ખાર રાખી છરી વડે હુમલો કર્યો હતો. ડાબા હાથમાં ઈજા પહોંચતા દીક્ષિતને સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી. આ બનાવ અંગે અગાઉ જામ્બા વિરુદ્ધ પોલીસમાં ગુનો નોંધાયો હતો.

ત્યારબાદ પહેલી એપ્રિલના રોજ જ્યારે દીક્ષિત હોસ્પિટલમાંથી ઘરે આવ્યો ત્યારે જામ્બાના માતા-પિતા ફરિયાદીના ઘરે પહોંચ્યા હતા. તેમણે સમાધાન કરવાની વાત કરતા જગદીશભાઈએ ના પાડી હતી. આથી ઉશ્કેરાઈને જામ્બાના પિતાએ ધમકી આપી હતી કે, જો સમાધાન નહીં થાય તો જામ્બો દીક્ષિતને જ્યાં દેખાશે ત્યાં જાનથી મારી નાખશે. આરોપીની માતાએ પણ એવું કહીને ડરાવ્યા હતા કે તેમનો દીકરો ખૂનનો આરોપી છે અને તે ગમે ત્યારે દીક્ષિતને પતાવી દેશે. ગઈ તા. ૧૪/૦૪/૨૦૨૬ ના રોજ ફરી રાત્રિના સમયે આરોપીના માતા-પિતા સમાધાન માટે આવ્યા હતા. જગદીશભાઈએ ઘરમાં આવવાની ના પાડતા તેમણે છેલ્લી ચેતવણી આપી હતી કે, ''આ છેલ્લી તક છે, જો સમાધાન નહીં કરો તો તમારો દીકરો ખોઈ બેસશો.'' વારંવાર મળતી આવી ધમકીઓથી ત્રસ્ત થઈને આખરે જગદીશભાઈએ રાજકોટ તાલુકા પોલીસ મથકમાં જામ્બા અને તેના માતા-પિતા સામે કાયદેસરની કાર્યવાહી કરવા ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રેમલગ્ન કરનાર યુવાનને ધોકાવ્યોઃ પત્નિનું અપહરણ

## મુળ મોરબીનો યુવાન હાલ વાછકપર રહેતો હતોઃ પત્નિના મોટા બાપુ સહિતના ઘરમાં ઘુસી તૂટી પડ્યાઃ પત્નિને બળજબરીથી ઉઠાવી ગયાનો આરોપઃ કુવાડવા પોલીસમાં ફરિયાદ દાખલ થઈ

રાજકોટ,તા.૧૭

પ્રેમ પ્રકરણ અને પ્રેમ લગ્નને કારણે માથાકુટો વારંવાર થતી રહે છે. દરમિયાન વધુ એક આવી પ્રેમકહાનીને કારણે થયેલો ડખ્ખો પોલીસ ચોપડે ચડ્યો છે. જેમાં રાજકોટના વાછકપર બેડી ગામે રહેતા અને મોરબીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતાં ૨૭ વર્ષીય રોનીલ અમૃતભાઈ ચંદ્રાલાએ મોરબીની યુવતિ ઈશિતા કુકરવાડીયા સાથે લવમેરેજ કર્યા હોઈ આ બાબતનો ખાર રાખી તેની પત્નિના પરિવારજનો વાછકપર ગામે આવી ઘરમાં ઘુસી તેને ગાળો દઈ રોનીલને માર મારી ધમકી આપી રોનીલની પત્નિને બળજબરીથી લઈ જતાં ગુનો દાખલ થયો છે.

આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે રોનીલની ફરિયાદ પરથી મોરબી રહેતાં કિશોરભાઈ કુકરવાડીયા, જય કિશોરભાઈ, આકાશ ગામી, કુલદીપ ઘોડાસરા અને અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધ્યો છે. ફરિયાદની વિગતો મુજબ, મોરબીના કેનાલ



રોડ પર આવેલી શિવમ પ્લાસ્ટિક ફેક્ટરીમાં નોકરી કરતો રોનીલ આશરે મોરબી હરિઓમ પાર્કમાં રહેતી ઈશીતાબેન વિપુલભાઈ કુકરવાડીયાના પરિચયમાં આવ્યો હતો. બંને વચ્ચે પ્રેમ થઈ જતાં ગત તારીખ ૧૭/૦૨/૨૦૨૬ના રોજ અમરેલી જિલ્લાના કુકાવાવ મોટી ગ્રામ પંચાયત ખાતે તેઓએ કાયદેસર રીતે લગ્ન કરી લીધા હતા.

આ પછી બંને લગ્ન બાદ સુરક્ષાના કારણોસર આ નવદંપતી વડોદરા, પાલનપુર અને જયપુર જેવી જગ્યાએ રોકાયુ હતું. બાદ ૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ મોરબી પોલીસ સમક્ષ હાજર થઈ પોતાના લગ્નના દસ્તાવેજો રજૂ કરી નિવેદન પણ નોંધાવ્યું હતું. આ પછી દંપતી વાછકપર બેડી ગામે રોનીલભાઈના ઘરે રહેવા આવ્યું હતું. તારીખ ૧૪/૦૪/૨૦૨૬ના રોજ મોડી રાત્રે ઘરમા રોનીલ, ઈશિતા અને તેના પરિવારજનો સુતા હતાં ત્યારે અચાનક દરવાજો ખખડ્યો હતો. રોનીલના માતાએ દરવાજો ખોલતા જ આઠ જેટલા શખ્સા ઘરમાં ઘુસી આવ્યા હતા. આ ટોળામાં ઈશીતાના મોટા બાપુ કિશોરભાઈ કુકરવાડીયા, તેમનો પુત્ર જય, મામાનો દીકરો આકાશ ગામી અને ફઈનો દીકરો કુલદીપ ઘોડાસરા સહિત અન્ય ચાર અજાણ્યા શખ્સો સામેલ હતા.

ઘરમાં પ્રવેશતાની સાથે જ આ શખ્સોએ ગાળાગાળી શરૂ કરી હતી. આરોપી કિશોરભાઈએ ઈશીતાને ધમકાવતા કહ્યું હતું કે જો તું અમારી સાથે ઘરે નહીં આવે તો તારા પતિને જાનથી મારી નાખીશું. આ દરમિયાન આકાશ ગામીએ રોનીલને પકડીને બેફામ ઢીકાપાટુનો માર મારવાનું શરૂ કર્યું હતું. મારપીટ અને હંગામા વચ્ચે આરોપી જય કુકરવાડીયા અને કુલદીપ ઘોડાસરાએ ઈશીતાબેનને બળજબરીથી પકડીને ઘરની બહાર ખેંચી ગયા હતા અને ત્યાં તૈયાર ઉભેલી કારમાં નાખીને તેનું અપહરણ કરી ગયા હતા.

શરૂઆતમાં રોનીલના પરિવારે સામાજિક પ્રતિષ્ઠા અને ઘરમેળે સમાધાનની આશાએ પોલીસ ફરિયાદ ટાળી હતી. પરંતુ બે-ત્રણ દિવસ વીતવા છતાં ઈશીતાને પરત મોકલવામાં ન આવતા અને ધમકીઓ ચાલુ રહેતાં કુવાડવા પોલીસને જાણ કરતાં ઈન્સપેક્ટર વી. આર. વસાવાના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. વી. જે. ગોહેલે એફઆઈઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી. આમ લવમેરેજના મામલે વધુ એક માથાકુટ થઈ હતી.

નહિ જેવી વાતે શંકાને કારણે પણ ઘણીવાર બની જાય છે ગંભીર ઘટના

# આડાસંબંધની શંકામાં યુવાનની હત્યા

## મુળ ભચાઉનો ત્રેવીસ વર્ષનો યુવાન હાલ પરિવાર સાથે રાજકોટ રહેતો હતોઃ અધાર કાર્ડ, પાન કાર્ડ લિંક કરાવવા વતન ભચાઉ ગયો ત્યારે બે ભાઈઓએ અપહરણ કરી એવો ફટકાર્યો કે અધમુઓ થઈ ગયોઃ સારવારમાં દમ તોડ્યોઃ ભચાઉ પોલીસે દબોચી લીધા બંને આરોપીને

રાજકોટ,તા.૧૭

આડા અવળા સંબંધો અને આવા સંબંધોની શંકાને કારણે મારામારી, હત્યા, આત્મહત્યા સહિતના બનાવો બનતા રહે છે. વધુ એક આવી ઘટના બની છે. જેમાં મુળ ભચાઉ ગાંધીધામનો અને હાલ રાજકોટ રહેતો યુવાન ભચાઉ ખાતે આયુષ્યમાન કાર્ડ, આધાર કાર્ડ, પાન કાર્ડ લિંક કરાવવાના કામ માટે ગયો ત્યારે ત્યાંના બે સગા ભાઈઓએ કાવત્રુ ઘડી તેને મામાના ઘરે લઈ જવાના બદલે પોતાના ઘરે લઈ જઈ બાંધીને બેફામ ધોકા-પાઈપ ફટકારી બેભાન કરી નાંખ્યો હતો. આ યુવાને સારવારમાં દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલ્ટાયો છે. હુમલાખોર ભાઈઓના પરિવારની મહિલા સાથે હત્યાનો ભોગ બનનારને આડા સંબંધ છે તેવી શંકા હોઈ તેના કારણે આ હત્યા થયાનું ખુલ્યું હતું. પોલીસે આરોપીઓ ભાગી જાય એ પહેલા પકડી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો મુળ ગાંધીધામના ભચાઉના અને હાલ રાજકોટ રામનાથપરામાં રહેતાં ત્રેવીસ વર્ષના દેવીપૂજક યુવાન સાગરનું તે નવ દિવસ પહેલા ભચાઉ આયુષ્યમાન કાર્ડ કઢાવવા ગયો ત્યારે ત્યાંના બે ભાઈઓએ અપહરણ કરી પોતાની ઘરે લઈ જઈ એવો માર માર્યો હતો કે તે બેભાન થઈ ગયો હતો. સારવાર કારગત ન નીવડતાં તેના પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતાં. આ ઘટનામાં ભચાઉ પોલીસે હત્યાનો ભોગ બનેલા સાગર વજુભાઈ હુડીયાના પિતા હાલ રાજકોટ રામનાથપરામાં રહેતાં અને સ્મશાન નજીક ફુલ વેંચી ગુજરાન ચલાવતાં મુળ ભચાઉના છપ્પન વર્ષના વજુભાઈ મગનભાઈ હુડીયાની ફરિયાદ પરથી ભચાઉ મદીના નગરમાં રહેતાં ભાવેશ ચતુરભાઈ દેવીપૂજક અને અજય ચતુરભાઈ દેવીપૂજક વિરૂધ્ધ હત્યાની કોશિષનો ગુનો દાખલ કર્યો હતો. દરમિયાન સવારે સાગરનું રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મોત નિપજતાં બનાવ હત્યામાં પલ્ટાયો છે.

હત્યાનો ભોગ બનનાર સાગરને હુમલાખોર ભાઈઓના પરિવારની કોઈ મહિલા સાથે આડાસંબંધ હોવાની શંકાએ આ હત્યા થઈ હોવાનું તપાસમાં ખુલ્યુ છે. પોલીસે આરોપીઓને દબોચી લીધા હતાં. વજુભાઈ હુડીયાએ ફરિયાદમાં જણાવ્યું





હતું કે હું મુળ ભચાઉનો વતની છું અને હાલ રાજકોટ રામનાથપરામાં રહી ફુલ વેંચી ગુજરાન ચલાવુ છું. મારી સાથે મારા પત્નિ શારદા અને ચાર દિકરા રહે છે. જેમાં મોટો અનિલ, તેનાથી નાનો સાગર અને સૌથી નાનો જયેશ છે. જેમાં મોટા દિકરાના લગ્ન થઈ ગયા છે. બાકીના ત્રણ કુંવારા છે. ગઈ તારીખ ૮/૪ના બપોરના આશરે ત્રણેક વાગ્યાના અરસામાં મારો દિકરો સાગર આયુષ્યમાન કઢાવવા તથા આધારકાર્ડ અને પાનકાર્ડ લિંક કરાવવા માટે રાજકોટથી ભચાઉ ગયેલ હતો.

ત્યાર બાદ બીજા દિવસે તા. ૯/૪ના રોજ ભચાઉથી અમારા સંબંધી દીપકભાઈ વેજુભાઈ દેવીપુજકનો મને ફોન આવેલ અને મને જાણ કરેલ કે તમારા દીકરા સાગરને ભાવેશ ચતુર અને અજ્ય ચતુર તેના મામાના ઘરે લઈ જવાનું કહીનં તેમના ઘરે મદિનાનગર લઈ ગયા હતાં અને બંનેએ તમારા દિકરાને ખુબ માર માર્યો છે. દીપકભાઈએ આ વાતની મને જાણ કરતાં હું રાજકોટથી ભચાઉ ગયેલ અને મારો દીકરો અનિલ ધાંગધ્રાથી ભચાઉ આવ્યો હતો.

આ દરમિયાન મારા સંબંધી સુરેશભાઈ ગોવિંદ ભાઈ દેવીપુજક મારા દીકરાને લઈને બસ સ્ટેશન આવેલ હતા. જ્યાં મેં જોયું તો મારા દીકરાને બંને સાથળમાં, બંને પગમાં, બંને હાથમાં તથા વાસામાં કેડના ભાગે તથા પેટના ભાગે મારના નિશાન હતાં. મેં તેને પુછતાં તેણે પોતાને લોખંડના પાઈપ, લાકડાના ધોકાથી મારકુટ થયાનું કહ્યું હતું.બાદમાં તે ફરી બેભાન થઈ ગયોહ તો. મારા દિકરા સાગરને આખા શરીરે ચાઠા પડી ગયેલા હોઈ હું અને સુરેશભાઈ તેને ભચાઉ સરકારી દવાખાને લઈ ગયા હતાં.

જ્યાં અમે પોલીસને નિવેદન લખાવેલ કે અમે પછી ફરિયાદ કરવા આવશું. ત્યારબાદ અમે ભચાઉ ખાતે નિવેદન લખાવી દીધુ હતું. બાદમાં મારા દિકરા સાગરને વધુ સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલમાં લઈ આવેલ હતો અને મારા દીકરા રાજકોટ સરકારી હોસ્પિટલ આઈસીયુ વોર્ડમાં દાખલ કરાયો હતો. તે કંઈ બોલી શકતો નહોતો. બનાવને ઘણા દિવસો થઈ ગયા હોઈ મારા સંબંધીઓએ ફરિયાદ કરવાનું કહેતાં મેં ગઈકાલે ગુરૂવારે ફરિયાદ દાખલ કરાવી હતી. એ દરમિયાન મોડી રાતે મારા દિકરાનું મૃત્યુ થયું હતું.

તેમ વધુમાં વજુભાઈએ જણાવતાં ભચાઉ પોલીસે તેની ફરિયાદ પરથી ભાવેશ અને અજય વિરૂધ્ધ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી લીધી હતી. આ ઘટનામાં કારણ એવુ છે કે સાગર રાજકોટથી ભચાઉ આયુષ્યમાન કાર્ડના કામ માટે ગયો ત્યારે તેના પર ભાવેશ અને અજયએ પોતાના ઘરની સ્ત્રી સાથે સાગરને આડાસંબંધ છે અને તે તેણીને મળવા આવ્યો છે એવી શંકા કરી મામાના ઘરે લઈ જવાનું બહાનું કરી ભાવેશ અને અજયએ તેને પોતાના ઘરે લઈ જઈ બાંધીને બેફામ માર માર્યો હતો. જેના કારણે તેનું મોત થયું હતું. હત્યાની કલમનો ઉમેરો કરી ભચાઉ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. હત્યાનો ભોગ બનનાર સાગર પણ રાજકોટમાં પિતા સાથે ફુલનો ધંધો કરતો હતો. યુવાન દિકરાની હત્યાથી દેવીપૂજક પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

# ૨૦૨૭માં વિધાનસભા ૬૯માં રઘુવંશીને જ ટિકિટ : માંગ

## આજની કાર્યકરોની બેઠકમાં આગામી મહાસંમેલનની રણનીતિ અંગે લેવાશે નિર્ણય : માત્ર રઘુવંશી ઉમેદવારોને મત આપવા પર લેવાશે નિર્ણય : અન્ય મત NOTAમાં નાખવા





રાજકોટ, તા. ૧૭

ભાજપે ટિકિટ વહેચણીમાં જે રીતે રઘુવંશી અને બ્રહ્મ સમાજની બાદબાકી કરી છે તેને ધ્યાને લઈ હાલ બંને સમાજમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે અન્ય સમાજમાં પણ રોષની લાગણી છવાઈ છે. ત્યારે રઘવંશી સમાજ દ્વારા આજે રાત્રે ખાસ રઘુવંશી સમાજના કાર્યકરો સાથે એક વિશેષ બેઠક યોજવામાં આવશે જેમાં આવનારા દિવસોની રણનીતિ અંગે ચર્ચા વિચારણા થશે અને મહા સંમેલન યોજવા માટેનું તખતો પણ તૈયાર કરાશે. મળતી માહિતી મુજબ હાલ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં વિધાનસભા ૬૯ માંથી લોહાણા સમાજના આગેવાનને ટિકિટ મળે તે હવે લક્ષ્ય છે. લોહાણા સમાજના સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ જે કાર્યકરોની બેઠકનું આયોજન આજે થવાનું છે તે માટે અગાઉ શહેર ભાજપ પ્રમુખ પણ મનાવવા માટે આવ્યા હતા અને કહ્યું હતું જે થઈ ગયું તે થઈ ગયું હવે શું થઈ શકે ? ત્યારે તેમનાથી ડેમેજ કંટ્રોલ ન થયો અને સમગ્ર મામલો પ્રદેશ સંગઠનમાં પહોંચ્યો છે.

રઘુવંશી યુવા બ્રિગેડના ધવલ કાછેલાએ માહિતી આપતા જણાવ્યું હતું કે આજની કાર્યકરોની બેઠકમાં આવનારા કાર્યક્રમોની રૂપરેખા નક્કી કરવામાં આવશે અને ભવિષ્યમાં જે રીતે રઘુવંશી સમાજની અવગણના કરવામાં આવી છે તે ન થાય તે માટેની તૈયારીઓ હાથ ધરાશે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં લોહાણા સમાજના જે ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે માત્ર તેઓને જ મત આપી અન્ય મત નોટામાં નાખવાનો નિર્ધાર કરવામાં આવશે. સાથોસાથ આજની બેઠકમાં એ મુદ્દા ઉપર પણ ચર્ચા થશે કે રઘુવંશી સમાજને ટિકિટ ન આપવા પાછળનું કારણ શું અને જે રમત રમવામાં આવી તે આગેવાનો ના નામ પણ રજૂ કરાશે. બીજી તરફ લોહાણા સમાજમાં સામાજિક સમરસતા કેળવાય તે માટેના જરૂરી નિયમો પણ નક્કી કરાશે ત્યારે આવનારા દિવસોમાં રાજકોટમાં મહાસંમેલન કરવું કે પછી પ્રદેશ ભાજપ કાર્યાલયનો ઘેરાવ કરવો તે અંગેનો નિર્ણય પણ આજની બેઠકમાં લેવાશે. તો બીજીતરફ રઘુવંશી અગ્રણી મિતેશ રૂપારેલીયા એ માહિતી આપતા જણાવ્યું હતું કે તેઓએ પણ વોર્ડ એકમાંથી દાવેદારી કરી હતી પરંતુ અચાનક તેમનું નામ દૂર કરી દેવામાં આવ્યું હતું ત્યારે કોનો વાંક છે કોને રમત રમી તેના કરતાં હવે સમાજમાં જે રોષ જોવા મળી રહ્યો છે તેને શાંત કેમ કરવો અને આવનારી વિધાનસભામાં વિધાનસભા ૬૯ માં રઘુવંશી સમાજના આગેવાનને ટિકિટ મળે તે માટેની લડત કરાશે. વધુમાં તેઓએ માહિતી આપતા જણાવ્યું હતું કે રઘુવંશી સમાજ ભાજપનો કમિટેડ વોટર છે એટલે મત તો ભાજપને જ મળશે અને તેમાં પણ માત્ર રઘુવંશી આગેવાનોને જેથી ભાજપને પણ ખબર પડે કે રઘુવંશી સમાજની અવગણના કેટલી મોંઘી સાબિત થાય. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે ભાજપના ૮૫ ટકા જો કોઈ કમિટેડ વોટર હોય તો તે રઘુવંશી સમાજ છે . વડાપ્રધાન નરેન્દ્ર મોદી હોય, વજુભાઈ વાળા હોય કે સ્વર્ગસ્થ પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી હોય તેમને વિધાનસભા ૬૯ માંથી વિજય બનાવવામાં રઘુવંશી સમાજનો સિંહ ફાળો રહ્યો છે પરંતુ પ્રદેશ કક્ષાએથી હાલ ટોચના હોદાઓ ઉપર એક પણ રઘુવંશી આગેવાન ન હોવાથી હાલ સમાજનું પ્રતિનિધિત્વ અંધારામાં ધકેલાઈ ગયું છે. અને જો અવાજ ઉઠાવવામાં નહીં આવે તો ભવિષ્યમાં કદાચ જે ટિકિટ મળી રહી છે તેમાં પણ ઘટાડો થઈ જશે. ત્યારે કાર્યકરો સાથેની બેઠક અને ત્યારબાદ મહા સંમેલન કરવા માટેનો એકમાત્ર હેતુ જો કોઈ હોય તો તે એ છે કે રઘુવંશી સમાજનું પ્રભુત્વ વધે ફરી વખત તેઓએ જણાવ્યું હતું કે ભાજપ સાથે રઘુવંશી સમાજને કોઈ જ વ્યક્તિગત વાંધો નથી પરંતુ જે સ્થિતિનું નિર્માણ થયું છે તે યોગ્ય નથી અને તેનાથી સીધી જ સમાજની લાગણી દુભાઈ છે.

વધુમાં તેઓએ માહિતી આપતા જણાવ્યું હતું કે શહેર ભાજપ પ્રમુખ દ્વારા બે થી ત્રણ વખત આ મામલે રૂબરૂ બેઠક કરવામાં આવી હતી પરંતુ કોઈ નિષ્કર્ષ નીકળ્યું ન હતું અને તેમના સિવાય અન્ય કોઈ ભાજપના કદાવર નેતા અથવા તો કોઈ શનિષ્ઠ આગેવાને સમાજ સાથે વાત કરવાની પણ તસ્દી લીધી નથી. ત્યારે આ મામલો બિચકાયો છે. સાથોસાથ મિતેશ રૂપારેલીયા એ ફરિયાદ પણ કરી હતી કે જ્યારે પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા રાજકોટ સંકલ્પ યાત્રામાં સહભાગી થયા અને વિવિધ સમાજના આગેવાનો સાથે બેઠક કરી ત્યારે પણ રઘુવંશી સમાજના આગેવાનોને બોલાવવામાં આવ્યા ન હતા અને હાલ સમાજમાં જે રોષ પ્રવર્તિત થયો છે તે અંગે કોઈ ચર્ચા પણ કરવામાં આવી ન હતી. ત્યારે આજની કાર્યકરો સાથેની બેઠક અત્યંત મહત્વપૂર્ણ પુરવાર થશે અને ખાસ તો આગામી કાર્યક્રમોની હરણનીતિ તૈયાર કરવાનું માધ્યમ બનશે.

### રઘુવંશી સમાજના પુરુષ પ્રત્યે સૂગ શા માટે ?

રઘુવંશી સમાજના આગેવાનોએ એ વાતની પણ ફરિયાદ કરી છે કે જે ટિકિટ આપવામાં આવી તે માત્ર મહિલાઓને અપાય છે પરંતુ તે મહિલાઓ એ સ્તરે સક્ષમ નથી કે તે સમગ્ર સમાજનું પ્રતિનિધિત્વ કરી શકે ત્યારે કોઈ એક અથવા બે પુરુષને પણ ટિકિટ આપી હોત તો તે સમાજનું પ્રતિનિધિત્વ કરી શકત અને ઉદ્ભવિત થયેલી સમસ્યાઓનું પણ નિવારણ થાત પરંતુ ક્યાંક ને ક્યાંક રઘવંશી સમાજના પુરુષ પ્રત્યે સૂગ ભાજપને શા માટે આવી છે તે સમજાતું નથી અને તેનો જ જવાબ માગવામાં આવી રહ્યો છે.

### રઘુવંશી સમાજની ટિકિટમાં બાદબાકી કર્યા બાદ ભાજપ વિરુદ્ધ રોષ

રઘુવંશી સમાજની ટિકિટમાં બાદબાકી જે રીતે કરવામાં આવી છે તેનાથી સમાજનો ભાજપ પ્રત્યે રોષ ફાટી નીકળ્યો છે અને વિવિધ સામાજિક આગેવાનો દ્વારા અનેકવિધ પ્રકારે રોષ ઠાલવવામાં આવી રહ્યો છે ત્યારે ફરી એક વખત ગઈકાલે એક લેટર વાયરલ થયો જેમાં ધારાસભ્ય કે સમાજના પ્રતિનિધિ તે અંગે રાજકોટમાં સવાલ ઉઠ્યો છે.



**ધારાસભ્ય કે સમાજના પ્રતિનિધિ? રાજકોટમાં સવાલ ઉઠ્યો છે!**

લોકશાહીનો સીધો અર્થ એ છે કે ધારાસભ્ય સમગ્ર વિસ્તારનો પ્રતિનિધિ હોય – કોઇ એક સમાજનો નહીં. પરંતુ રાજકોટમાં જે બની રહ્યું છે, તે લોકશાહી માટે શરમજનક ઉદાહરણ છે. તાજેતરમાં કોર્પોરેશનની ચૂંટણીમાં જે રીતે રઘુવંશી અને બ્રાહ્મણ સમાજના ઉમેદવારોની ટિકિટ કાપવામાં આવી છે, તે કોઇ સામાન્ય રાજકીય નિર્ણય નથી – આ સ્પષ્ટ સંદેશ છે કે "અમને કેટલાક સમાજોની જરૂર જ નથી!. આ નિર્ણય બતાવે છે કે ધારાસભ્ય હવે સમગ્ર વિસ્તારના નેતા નથી રહ્યા, પરંતુ એક ચોક્કસ સમાજના "પ્રતિનિધિ" બની ગયા છે. શું આ માટે જનતાએ તેમને મત આપ્યો હતો? કે માત્ર એક સમાજની સેવા કરવા માટે તેમને સત્તા સોંપવામાં આવી હતી? રાજકારણમાં પક્ષપાત નવી વાત નથી, પરંતુ આટલી ખુલ્લેઆમ અવગણના – તે પણ પોતાના જ મતદારો પ્રત્યે – એ અહંકારનો શિખર છે. આ અહંકાર એ સંદેશ આપે છે કે "તમારા મત વગર પણ અમે જીતશું!"

પરંતુ આ વખતનો માહોલ અલગ છે. રઘુવંશી સમાજ હવે મૌન નથી રહેવાનો. આ માત્ર નારાજગી નથી – આ સ્વાભિમાનની લડાઇ છે. જે સમાજને અવગણવામાં આવ્યો છે, તે હવે મતપેટી દ્વારા એવો જવાબ આપશે કે વર્ષો સુધી યાદ રહેશે. આ ચૂંટણીમાં તો અસર જોવા મળશે જ, પરંતુ આગામી ધારાસભાની ચૂંટણીમાં પણ આ અવગણનાનો ભોગ ભરવો પડશે. સત્તા હંમેશા માટે કોઇની જાગીર નથી – જનતા જયારે મન બનાવી લે છે, ત્યારે સિંહાસન હલાવી નાખે છે.

ભારતીય જનતા પાર્ટીએ જો હજુ પણ આ સંદેશ નહીં સમજે, તો એ તેમની સૌથી મોટી રાજકીય ભૂલ સાબિત થશે. કારણ કે ઇતિહાસ સાક્ષી છે – જે નેતાઓ સમાજોને વહેંચે છે, તેઓને જનતા એક દિવસ સંપૂર્ણ રીતે નકારી કાઢે છે.

**હવે સવાલ સ્પષ્ટ છે –**

**ધારાસભ્ય આખા વિસ્તારના છે કે માત્ર એક સમાજના?**

અને જવાબ પણ હવે સ્પષ્ટ મળશે...

**મતપેટી માંથી, અને જોરદાર રીતે મળશે.**

**રઘુવંશી સમાજ હવે ચૂપ નહીં બેસે – આ વખત જવાબ નહીં, હિસાબ થશે.**

**રઘુવંશી સુરક્ષા સેતુ**

9:47 pm

---

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તમામ જિલ્લા કલેકટરો સાથે યોજાઇ વિડિઓ કોન્ફરન્સ

# નગરપાલિકા-તાલુકા પંચાયતમાં ભાજપનું રોડરોલર : ૭૩૦ બેઠક બિનહરીફ

રાજકોટ, તા. ૧૭

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે આવનારી ચૂંટણીમાં શાંતિપૂર્ણ માહોલ માં મતદાન યોજાઈ તે માટે વહીવટી વિભાગ અને ખાસ રાજ્ય ચૂંટણી પંચના માર્ગદર્શનમાં સતત પગલાં લેવાઈ રહ્યા છે જેના ભાગરૂપે ગઈકાલે સાંજે રાજ્યભરના જિલ્લા કલેકટરો તથા જિલ્લા ચૂંટણી અધિકારી સાથે વીડિયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી . જેમાં અનેકવિધ મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કર્યા બાદ હાલ દરેક જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને શું તૈયારીઓ થઈ રહી છે તે અંગે માહિતી પણ એકત્રિત કરાઈ હતી.

રાજયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગઈકાલે સાંજના ૪ વાગ્યે રાજકોટ સહિત રાજયભરના કલેકટરો અને ચૂંટણી અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ આયોજિત કરવામાં આવી હતી. જેમાં મતદાન મથકો પર પોલીસ ફોર્સની ફાળવણી, સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો આચાર સંહિતા ભંગ સબબની ફરિયાદો અંગે તપાસ અહેવાલ પ્રતિબંધિત જાહેરનામા પ્રસિધ્ધ કરવા , તડીપાર-પાસા સહિતના પ્રોહિબીશન સબંધીત પગલા મત ગણતરી કેન્દ્ર અને સ્ટ્રોંગ રૂમ ખાતે પોલીસ ફોર્સની ફાળવણી સહિતના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.

સ્થાનિક સ્વરાજની આ ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં પારદર્શતાથી યોજાય તે માટે મતદાન મથકો પર સુરક્ષા વ્યવસ્થા, સંવેદનશીલ મતદાન મથકો પર વિશેષ સુરક્ષા વ્યવસ્થા આચારસંહિતાની કડક અમલવારી ઈવીએમ મશીનોને સુરક્ષા, સહિત ચૂંટણી વ્યવસ્થાની જિલ્લા સ્તરની સુરક્ષા વ્યવસ્થાની તૈયારીઓની રાજય ચૂંટણી આયોગના કમિશ્નર ડો. એસ.મુરલીકૃષ્ણ દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તૈયારીઓને માઇક્રો પ્લાનિંગ સાથે આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે આ વિડીયો કોન્ફરન્સમાં કલેકટર ડો. ઓમપ્રકાશ અધિક કલેકટર મુછાર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ચૂંટણીની પૂર્વતૈયારીઓ માટે મુખ્ય ચૂંટણી કમિશનર એસ. મુરલીકૃષ્ણન દ્વારા તમામ જિલ્લા કલેક્ટરો સાથે વીડિયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ બેઠકમાં ગૃહ સચિવ સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન ચૂંટણી પ્રક્રિયા, કાયદો અને વ્યવસ્થા, તેમજ અત્યાર સુધી મળેલી ફરિયાદો અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

વહીવટી તંત્રને નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ મતદાન માટે જરૂરી આદેશો આપવામાં આવ્યા છે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલ ગરમાયો છે, ત્યારે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા ફાઈનલ આંકડાઓએ રાજકીય ગરમાવો વધારી દીધો છે. મતદાન પ્રક્રિયા પૂર્ણ થાય તે પહેલા જ રાજ્યની કુલ ૭૩૦ બેઠકો બિનહરીફ જાહેર કરવામાં આવી છે, જેમાં સત્તાધારી પક્ષ ભાજપે એકતરફી વિજય મેળવ્યો હોય તેવું ચિત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. રાજ્ય ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, બિનહરીફ થયેલી કુલ ૭૩૦ બેઠકોમાંથી ૭૧૫ બેઠકો પર ભાજપના ઉમેદવારો વિજેતા બન્યા છે. ૧૫ મહાનગરપાલિકાઓમાં કુલ ૪૩ બેઠકો બિનહરીફ થઈ છે, અને આ તમામ બેઠકો ભાજપના ફાળે ગઈ છે. આ આંકડાઓ દર્શાવે છે કે શહેરી વિસ્તારોમાં ભાજપની પકડ વધુ મજબૂત બની છે.

નગરપાલિકામાં કુલ ૩૮૫ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. જેમાંથી ૩૭૦ બેઠકો ભાજપના ફાળે, જ્યારે ૧૨ બેઠકો કોંગ્રેસ ના ફાળે ગઈ છે. આ સિવાય ૩ અપક્ષ ઉમેદવારો પણ નગરપાલિકામાં બિનહરીફ ચૂંટાયા છે. જિલ્લા પંચાયતની વાત કરીએ તો, કુલ ૫૧ બેઠકો બિનહરીફ થઈ છે અને આ તમામ બેઠકો પર ભાજપનો વિજય થયો છે. તાલુકા પંચાયતમાં ૨૫૧ બેઠકો બિનહરીફ જાહેર કરાઈ છે, જે તમામ પર ભાજપના ઉમેદવારો બિનહરીફ વિજેતા બન્યા છે.

### રાજ્ય ચૂંટણી પંચ દ્વારા બિનહરીફ થયેલી બેઠકોના આંકડાઓ જાહેર

* સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ૭૩૦ બેઠકો બિનહરિફ થઈ
* બિન હરીફ થયેલ તમામ ૭૩૦ પૈકી ૭૧૫ બેઠકો ભાજપની બિન હરીફ.
* ૧૫ મહાનગરપાલિકામાં ૪૩ બેઠકો બિનહરીફ
* નગરપાલિકામાં ૩૮૫ બેઠકો બિનહરીફ થઈ
* નગરપાલિકામાં ૩ અપક્ષ ઉમેદવારો પણ બિનહરીફ થયા
* જિલ્લા પંચાયતમાં ૫૧ બેઠકો બિનહરીફ થઈ
* રાજ્યમાં તાલુકા પંચાયતમાં ૨૫૧ બેઠક બિનહરીફ
* તાલુકા પંચાયતની તમામ બિનહરીફ બેઠકો ભાજપના ફાળે

---

# વોર્ડ નં.૨માં કાર્યકરોનો હોબાળો

## ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અનિરૂધ્ધ દવેની હાજરીમાં કાર્યકરોએ હોબાળો મચાવી ધારાસભ્ય દર્શિતા શાહ સામે રોષ વ્યક્ત ક્યોં





### મહાનગરપાલિકાની ચૂંટણીમાં પાયાના પથ્થર સમાન કાર્યકરોની બાદબાકી કરીને પરિવારવાદ અને 'મારા તારા'ને ટિકિટ અપાતાં કાર્યકરોમાં રોષ

રાજકોટ, તા. ૧૭

રાજકોટ મહાનગર પાલિકાની ચૂંટણીમાં ભાજપના આંતરિક ડખ્ખાની વાતો હવે જાહેરમાં આવી રહી છે. ગઈકાલે સંકલન બેઠકમાં વોર્ડ કાર્યકરોની બાદબાકી કરીને વોર્ડ બુથની કામગીરી પણ પરત લઇ લેવાયાની ચર્ચા બાદ આજે વધુ એક ડખ્ખાની વિગતો પ્રકાશમાં આવી છે. ભાજપના આંતરિક વર્તુળો અને વોર્ડ કાર્યકરોમાંથી જાણવા મળતી વિગતો મુજબ ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અનિરૂધ્ધ દવેની હાજરીમાં વોર્ડ નં.૨ના કાર્યકર મિલન કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય અને વોર્ડ નં.૨ના કોર્પોરેટર રહી ચુકેલા ડો. દર્શિતાબેન શાહના વિરોધમાં કાર્યકરો હોબાળો મચાવીને ધારાસભ્યની કાર્ય પધ્ધતિ સામે ઉગ્ર વિરોધ અને રોષ વ્યક્ત કરતાં ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહને કાર્યકર મિલન અધુરૂં મુકીને ભાગવું પડ્યું હતું.

ભાજપના સ્થાનિક રાજકારણમાં ઉઠેલી ચર્ચા અને થઇ રહેલી કાનાફુસી મુજબ કાર્યકરોએ વોર્ડ નં.૨ સહિત છ થી સાત વોર્ડમાં ઉમેદવારોની પસંદગી કરવામાં પરિવાર વાદ અને મારા તારાની નીતિ અપનાવી હોવાનો રોષ પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સ્થાનિક ભાજપના કાર્યકરોમાં થતી કાનાફુસી મુજબ પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરૂધ્ધ દવેની હાજરીમાં ગઇકાલે વોર્ડ નં.૨માં કાર્યકર મિલન કાર્યક્રમ યોજાયો હતો તેમાં કાર્યકરો દ્વારા આ વોર્ડના ભૂતપુર્વ કોર્પોરેટર અને વર્તમાન ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહની કાર્યપ્રણાલી મુદ્દે હોબાળો મચાવ્યો હતો. અને ડો. દર્શિતાબેન શાહ કાર્યકરોને સાંભળતા નહોવાની તેમજ મનમાની ચલાવતા હોવાના ખુલ્લા આક્ષેપો સાથે રોષ વ્યક્ત કરતાં ડો. દર્શિતાબેન શાહને કાર્યકર મિલન છોડીને ભાગવું પડ્યું હતું ! કાર્યકરોએ એવો રોષ વ્યક્ત ર્ક્યો હતો કે, ડો. દર્શિતાબેન શાહ કાર્યકરો પર પોતાની પ્રણાલી મુજબ કામ કરવાનું દબાણ કરી રહ્યા છે. તેમની પાસે અનુભવ ઓછો છે. તેઓ વોર્ડના કોઇ આગેવાન કે કાર્યકર સાથે સીધા સંપર્કમાં નથી. અને કોને પ્રાયોરિટી આપવી તેની પણ ખબર નથી. ડો. દર્શિતાબેન શાહને માત્ર ફોટો સેશનમાં જ રસ હોવાનો આક્રોશ કાર્યકરોએ વ્યક્ત ર્ક્યો હતો. ઉલ્લેખનીય છે કે, ગત રવિવારે પ્રદેશ પ્રમુખ જગદિશ વિશ્વકર્માની મુલાકાત વખતે પણ વોર્ડ નં.૨ના આગેવાનો અને કાર્યકરોએ ડો. દર્શિતાબેન શાહ સામે રોષ વ્યક્ત ર્ક્યો હતો. પ્રદેશ ભાજપ દ્વારા ચૂંટણી પ્રચાર માટે જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકાનું પાલન શહેર ભાજપના કેટલાંક નેતાઓ દ્વારા કરવામાં આવતું ન હોવાનો વસવસો અને નારાજગી દરેક વોર્ડના કાર્યકરો વ્યક્ત કરી રહ્યા છે.

### ભાજપનો પરાજય થાય તેવા પ્રયાસો થઇ રહ્યાની ચર્ચાએ જોર પકડ્યું !

દરમિયાન ભાજપના અંતરંગ સુત્રોમાંથી સાંભળવા મળતી ચર્ચા મુજબ પ્રદેશ ભાજપ દ્વારા ચૂંટણી સંદર્ભે જાહેર કરેલી માર્ગ દર્શિકાનું પાલન નહીં કરીને ભાજપના વીઝા પર આવેલા અન્ય રાજકિય પક્ષોના આગેવાનો ભાજપ માટે લોહી પાણી એક કરનારા કાર્યકરોને સંકલન અને વોર્ડ બુથ લેવલની કામગીરીમાંથી પણ દુર કરીને આડકતરી રીતે ભાજપનો પરાજય થાય તેવી વરવી ભૂમિકા ભજવી રહ્યા છે. ગઈકાલે જ આ બાબતે નિર્ણય લેવાયો ત્યારથી જ ભાજપમાં ફરી વિરોધની આગે લબકારા લેવાનું શરૂ કરી દીધું છે.

### ભાજપએ પરિવારવાદ અને મારા તારાની નીતિ અપનાવી!

ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગીમાં ત્રણ ટર્મ, ૬૦ થી વધુ વયના ઉમેદવારોને ટિકિટ ન આપવા અને પરિવાર વાદ દુર કરવાની જાહેરાત કરી હતી. પણ મહાનગરપાલિકાની ચૂંટણીમાં અનેક વોર્ડમાં પરિવારવાદ અને મારા તારાની નીતિ અપનાવી છે. વોર્ડ નં.૧માં પુર્વ કોર્પોરેટર ડો. અલ્પેશ મોરજરીયાના પત્ની અંજનાબેન મોરજરીયા, વોર્ડ નં.૨માં શહેર ભાજપ મહામંત્રી લલિત વાડોલિયાના બનેવી ડો. શૈલેશ વસાણી, વોર્ડ નં.૩માં મુરલીભાઇ દવે પરિવારના અલ્પનાબેન દવે, વોર્ડ નં.૪માં પુર્વ કોર્પોરેટર દેવદાનભાઇ કુંગશીયાના પુત્ર કાળુભાઇ કુંગશીયા, વોર્ડ નં.૫માં દિલીપ લુણાગરીયા, વોર્ડ નં.૮માં સાંસદ પરશોતમભાઇ રૂપાલાના પી.એ. મનીશ ભટ્ટ, વોર્ડ નં.૧૦માં ગુજરાત પરિવર્તન પાર્ટીમાંથી આવેલા આયાતી ઉમેદવાર મહેશ પીપળીયા, વોર્ડ નં.૧૪માં કોંગ્રેસમાંથી આવેલા આયાતી ઉમેદવાર ડો.હિરેન ખીમાણીયા, વોર્ડ નં.૧૫માં સામાન્ય બેઠક પર દલિત ઉમેદવાર,વોર્ડ નં.૧૭માં ભાજપના કાર્યકરને બદલે સંઘના કાર્યકર અને વોર્ડ નં.૧૮માં મહિલા સાથે વોટ્સએપ પર કથિત વિવાદસ્પદ મેસેજ કરનારા સંજયસિંહ રાણાની પસંદગી કરવામાં આવી છે. આમાં વોર્ડ નં.૧૭ માં જેઓની પસંદગી થઇ છે તે સંઘના ઉમેદવાર વોર્ડ બુથના પ્રમુખોને ઓળખતા પણ નહી હોવાનું કાર્યકરો કહી રહ્યા છે. જ્યારે વોર્ડ નં.૧૮ના ભાજપના બન્ને ઉમેદવારો સંજયસિંહ રાણા અને ભારતીબેન પરસાણાને બોલવાનો પણ વહેવાર નથી. આ વોર્ડમાં જે બન્ને ઉમેદવારોને બોલવાનો વહેવાર નથી કે સંપર્કમાં પણ નથી તેઓ સંપર્કયાત્રા કરી રહ્યા છે !

### બે કરોડ લઇને ઉમેદવારોને ટિકિટ અપાયાનો સોશિયલ મિડિયા પર વાયરલ મેસેજે ચર્ચા જગાવી

ભાજપના આંતરિક વિવાદ વચ્ચે સોશિયલ મિડિયા પર બે કરોડ લઇને ભાજપના નેતાઓએ ઉમેદવારોને ટિકિટ આપ્યાનો મેસેજ વાયરલ થતા ભાજપમાં ચર્ચા જગાવી છે. આ વાયરલ મેસેજમાં જણાવાયા મુજબ બે બે કરોડ લઇને શહેર ભાજપના આગેવાનો અને બે ધારાસભ્યોએ ટીકીટ કોર્પોરેશનની વહેંચી છે. આ મેસેજમાં રૂપિયા આપીને ટિટિક લેનારા ઉમેદવારોના નામ પણ જાહેર કરાવામાં આવ્યા છે. જેમાં ઘનશ્યામ હેરભા, પ્રવિણ સેંગલીયા અને હિરેન ખીમાણીયાએ કોપોરેશનની ટિકિટ વહેંચાતી લીધા હોવાનો આક્ષેપ કરાયો છે. સાથોસાથ આ લોકો કોંગ્રેસમાથી આવેલ છે અને મૂળ રાજકોટના નથી. બહારથી આયાત થયેલા છે. આ બધાનો નાર્કો ટેસ્ટ કરાવાય તો બધું બહાર આવે અને સાચું લોકોને જાણવા મળશે. મોદીજીના નામે અત્યારે પથ્થર પણ તરે તેમ છે. આ લોકોએ મોદીજીનું નામ વહેંચ્યું છે. આવા લોકોને ઓળખી લેવાની જરૂર છે. ઘનશ્યામ હેરભાના વોર્ડ નંબર-૧૦માં પાંચ ઘર પણ આહિરના નથી. તો પણ તેમને ટીકીટ મળી છે. આવા લોકોને ભાજપમાંથી કાઢવા જોઈએ અને જે લોકો ભાજપમાં ૪૦ વર્ષથી કામ કરે છે તેમને ટિકિટ આપવી જોઈએ. પણ મત તો ના જ આપવો જોઈએ. અને તેમને કાઢવા જોઈએ. આ મેસેજ વાયરલ થયાં બાદ બીજી બાજું દરેક વોર્ડમાં કાર્યકરો હવે રમુજમાં એક નવું સુત્ર બોલી રહ્યા છે. 'જય શ્રી મેરા રામ હો ગયા કામ ... ! '